Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૧૨ • તા. ૨૧ માર્ચ ૨૦૧૬ થી ૨૭ માર્ચ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## નારીદિન નિમિત્તે સ્ત્રી સશક્તિકરણના આદર્શને મુર્તિમંત કરનાર જ્ઞાતિની પ્રતિભાવંત સન્નારીઓને સન્માનવા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈનો વિશેષ કાર્યક્રમ ''નારી તુ નારાયણી''












## પખાવાજ કલાના સંવર્ધન માટે મુંબઈ મહાજન દ્વારા વિશેષ કાર્યક્રમ





## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ

દ્વારા આયોજિત

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# પરિચય મિલન-૨૦૧૬

પરિચય થી પરિણય સુધી...



**કાર્યક્રમની વિશેષતા :**

- ✲ એકજ સ્થળે ભારતભરથી સમગ્ર જ્ઞાતિના, પરિચય મિલનમાં યોગ્ય પાત્ર પસંદગી માટે જોડાશે.
- ✲ પરિચય મિલનનું સર્જન આજના આધુનિક જમાનાના નવ યુવાનોની વિચારશ્રેણીને ધ્યાનમાં રાખીને કરેલું છે.
- ✲ પરિવારની અપેક્ષા... જ્ઞાતિની કન્યા/વરની પસંદગી માટેનું સ્વપ્નું.
- ✲ આવો અને જોડાવો, તમારા પાત્ર પસંદગીના સ્વપ્નોને સાકાર કરો
- ✲ આપને સ્ટેજ પર પોતાની ઓળખાણ આપવી નહીં પડે.
- ✲ જેની અપેક્ષા અને આતુરતાથી રાહ જોવાઇ રહી છે...

સંપર્ક :
મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪
જલ્પા લોડાયા-૯૮૬૭૬૧૫૯૧૩
મહાજન ઓફીસ: ૦૨૨-૨૩૪૪૮૨૭૪

સમય: રવિવાર, ૧૦.૦૪.૨૦૧૬
સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી

સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
એલ.બી.એસ.રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૮.

Join Us on f @ KDO SAGPAN SAMMELAN - PARICHAY MILAN 2016

# જ્ઞાતિ ગૌરવ





શ્રી ગુજરાતી શિક્ષણ સંઘ, રાયપુર (છ.ગ.)
નવનિર્મિત શ્રી લાલજીભાઈ ઘેલાભાઈ શાહ અને
માતુશ્રી માધુરીબેન લાલજી શાહ સ્મૃતિ

## જ્ઞાનોદય ભવન

(સાંસ્કૃતિક સહ ક્રીડા ભવન)






જે શાળામાં અભ્યાસ કરી જીવનપથે આગળ વધ્યા અને સફળ થયા એ શાળાનું ઋણ ઉતારવા
ફૂલ નહીં પણ ફૂલની પાંખ સહી એમ માનતા શ્રી શાહ પરિવારે ઉદાર મને
રૂા. ૪૬ લાખ દાન (૩૫ લાખ જ્ઞાનોદય ભવન, ૫ લાખ સ્વાગત કક્ષ, ૩ લાખ લવ કુશ વાટિકા)
આપી ઉપરોક્ત ભવન જ્ઞાન જ્યોત પ્રગટાવવા શિક્ષણ સંઘને અર્પિત કરેલ છે. શાહ પરિવારને અભિનંદન....



૧૩ ફરવરી ૨૦૧૬ ના રાયપુર મધ્યે
શિલાન્યાસ અવસરે ઉપસ્થિત શાહ પરિવાર



મુખ્ય અતિથિ છ.ગ. શાસનના મુખ્ય મંત્રી
ડૉ. રમન સિંહની સાથે ડૉ. ધીરેન શાહ

- વિનયાવત -

| | | |
|---|---|---|
| શ્રી કુસુમકાંત એવં ઇંદિરા શાહ | ડૉ. ધીરેન એવં સુષમા શાહ | શ્રી નીરજ એવં જીલ શાહ |
| શ્રીમતી ભારતી પ્રેમચંદ નાગદા | ડૉ. દિપેન એવં પ્રીતિ શાહ | શ્રી નિકુંજ એવં જેસિકા શાહ |
| શ્રીમતી રશ્મિ સોમચંદ શાહ | શ્રીમતી હેતલ અમિત શાહ | કુમારી લોરી શાહ |

# પરનાતની કન્યા સ્વનાતની કન્યાની જેમ જ ગોઠવાઈ ગઈ છે તો આશ્રમની કન્યાઓ તો સાસરીયા સાથે પિયર મળ્યાનઉ ખુશી અનુભવશે


**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 12/2016**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ



ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


માનવ વસવાટનો દાયરો જેમ જેમ મોટો થાય તેમ તેમ દરેક સમુદાયને જેને તે પારકા માનતા હોય તેની સાથે વત્તી - ઓછી સંખ્યામાં લગ્નાદિ સંબંધો સ્વીકારવા, અસ્વીકારવાનો પ્રશ્ન ઊભો થવાનો જ.

જે સમાજમાં છોકરાઓની સંખ્યા કરતાં છોકરીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય તેને વહેલે મોડે આ ઘટના સ્વીકારવી જ પડવાની છે.

જોકે આ સ્વીકારવાની પ્રક્રિયા તે સમુદાયના વિચારશીલોમાંથી સામુદાયિક શુધ્ધતાના આગ્રહીઓ માટે માનસિક પીડા આપનાર રહે છે તો વ્યવહાર દક્ષોને માટે સગપણની સમસ્યા હળવી કરનાર... રાહત આપનાર રહે છે.

આ શુધ્ધતાનો ખ્યાલ ભારતીય સમાજમાં બહુ લચીલો છે. પરંપરા એમ કહે છે કે બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ સંબંધ બાંધવાની બાબતમાં બહુ ચુસ્ત રહેવું જોઈએ, વૈશ્ય અને શુદ્ર આ બાબતમાં સમયાનુરૂપ ધોરણ અપનાવી શકે.

વ્યવહારમાં જોઈએ તો આવી ચુસ્તતા બ્રાહ્મણોએ જાળવી છે બાકી ક્ષત્રીયોને પણ ક્યારેક સંજોગને કારણે તો ક્યારેક ધાર્મિક ફેરફારને કારણે છૂટછાટ રાખવી પડી છે.

રાજસ્તાનને ઈતિહાસ તપાસીએ તો ઈસુની ૯મી સદીથી ૧૪મી સદી સુધી રાજપુતોમાંથી જૈન તથા ૧૪મી સદીથી ૧૬મી સુધી સુધી વૈષ્ણવ થવાનું વલણ મોટા પ્રમાણમાં રહ્યું.

કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ સહિતની બધી જ્ઞાતિઓ સમર્થ જૈન આચાર્યોએ સરખા આચાર - વિચાર - રીતિ રિવાજવાળા રજપુતોને સમુદાય તરીકે સમાજ જીવન વિકસાવવાની પ્રેરણા આપી તેમાંથી જન્મી છે.

આ સમુહોઓના ઈતિહાસને જોઈએ તો તેમનામાં અન્યોને સમાવી લેવાની ક્ષમતા વધુ હોવી જોઈએ. કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ જયાં સુધી સ્થળાંતરની પ્રક્રિયામાં હતી તથા તેની સંખ્યા સમાજજીવન માટે આવશ્યક સંખ્યાથી અપુરતી હોવાથી છેક ૧૮૧૫ સુધી આવી ક્ષમતા અને ખુલ્લું મન દેખાય છે. ઇ.સ. ૧૮૧૫માં મૈશેરી આદિને આ જ્ઞાતિમાં સમાવવામાં આવ્યા અને તેમના આવવાથી જ્ઞાતિની સગપણ સમસ્યા ઓછી થઈ એતો ખરું જ્ઞાતિ શિક્ષણ - સંસ્કાર - પ્રગતિશીળતાની દૃષ્ટિએ પણ સમૃધ્ધ બની.

અલબત્ત ઈ.સ. ૧૮૨૫ પછી સમૃધ્ધિ વધી તેની સાથે શુધ્ધતાને વિચાર મજબૂત થયો. નવા નક્કી થયેલા વિધવા વિવાહ ન કરવાના નિયમને ન પાળનારા અમુક લોકોને નાતબહાર અલગ કરવામાં આવ્યા.

અલબત્ત દાયકાઓ પછી ૧૯૬૦ના દાયકાથી સમસ્ત ભારતીય સમુદાયમાં આપસી મેળ અને ગતિશીલતા બધી એ પછી કચ્છી દશા ઓસવાળ સમાજ જે પ્રમાણમાં ખુલ્લા મનવાળો સમુદાય છે. તેમાં અન્ય સમુદાયમાંથી મોટા પ્રમાણમાં કન્યાઓ આવી અને મોટા પ્રમાણમાં કન્યાઓ અન્ય સમુદાયમાં ગઈ. સાદો અંદાજ બાંધીએ તો દર દસ કુટુંબમાંથી ચારમાં બહારની કન્યા આવી તેની સામે દર દસ કુટુંબમાંથી ત્રણેક કુટુંબમાંથી કન્યા અન્ય જ્ઞાતિમાં ગઈ.

આ સામાજિક ઘડથલના એકદમ છેલ્લા દશ્ય તરીકે જ્ઞાતિના એક ગ્રુપે અનાથાશ્રમની કન્યાઓને તેના વાલી થઈને સમાજમાં આણી.

તેમની આ પહેલને સગપણ સમસ્યાથી એકદમ ત્રસ્ત બહારગામમાં વસતા જ્ઞાતિજનોએ હોંશે હોંશે આવકારી. અહીં એક વાતની ખાસ નોંધ લેવાની કે વ્યક્તિગત ધોરણે આશ્રમની જ નહીં દલાલો દ્વારા ગાઠવાયેલ કન્યા વિક્રયની સમાજે જાકારો આપેલી પધ્ધતિ દ્વારા લવાયેલી કન્યાઓને પણ સમય જતા સમુદાયે પોતાની ગરજે સ્વીકારી લીધી છે.

આશ્રમની કન્યાઓની બાબતમાં જો કોઈ મોટો બાંધો હોય તો એ હોય છે કે એમના મૂળ - માતા - પિતા અને સંસ્કારોની ખબર ન હોતા એમને પરિવારનો ભાગ બનાવવાનું જોખમ કેમ ઉપાડાય ?

અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે અનાથાશ્રમ દ્વારા અપનાવાયા બાદ તેમને સારા

સંસ્કાર આપવાની જવાબદારી અનાથાશ્રમના સેવાભાવી સંચાલકોએ સ્વાકારી છે.

એટલું જ નહીં એ સંચાલકો બહુ જહેમતપૂર્વક આ અનાથ કન્યાઓને સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે છે એ બાબત ભરોસો બેઠો તે પછી જ જ્ઞાતિના એક ગ્રુપે, કચ્છી દશા ઓશવાળ સમાજના સંબંધે આ કન્યાઓના વાલી થવાનું – એ છોકરી બાબત તેના સાસરીયાઓને કોઈ ફરિયાદ હોય કે છોકરીને સાસરીયા બાબત ફરિયાદ હોય તો સગાવાળની જેમ જ જવાબદારી લેવાનું સ્વીકાર્યુ એ પછી જ નોંધપાત્ર સંખ્યામાં આવા સગપણ થયા.

એ નોંધપાત્ર છેકે એક વખત આવો દૌર થઈ ગયા બાદ જેમને આવું કાંઈ થઈ રહ્યું છે તેની ખબર નહોતી એવા વાલીઓના આગ્રહથી બીજો દોર પણ સંતોષકારક રીતે થયો એ કન્યાઓના જ્યારે સમૂહલગ્નમાં લગ્ન થયા તે વચ્ચેના થોડા મહિનાઓના સમયમાં એમણે જે રીતે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના ઘણા રીતરિવાજો જાણી લીધેલા અને અપનાવી લીધેલા એ જોતાં આ ગોઠવણ કદાચ નાતમાં કન્યા નથી મળતી એટલે દલાલની મદદથી કન્યા વિક્રય પદ્ધતિએ કન્યા મેળવવા કરતાં લાખ દરજ્જે સારી અને પરનાતમાંથી કુટુંબ કે વ્યક્તિ દ્વારા લવાતી કન્યાની સમકક્ષ ગણાય.

રહી વાત આવી ઘટનાઓથી સામાજિક અરાજકતા... સામાજિક અવ્યવસ્થા સર્જાવવા કે અરાજકતા વધવાની. તો અહીં બોલ સમસ્ત મહાજનના પાલામાં આવે છે. સમસ્ત મહાજનની અગાઉની મહાસમિતિ ટ્રસ્ટ બોર્ડ કે મેનેજીંગ ટ્રસ્ટી – સેક્રેટરી જનરલે જ્ઞાતિના રિતિ રિવાજની વ્યાખ્યા કરવા કે તેને સુવ્યવસ્થિત કરવા બાબત ખાસ કોઈ રસ દાખવ્યો નહોતો. તેથી આવી પહેલ કરનાર ગ્રુપે પોતે આવું આયોજન કર્યું. તે પહેલા સમસ્ત મહાજનને જાણ કરવાની કે તેની મંજૂરીની વાત જવા દઈએ તો તેમને કાંઈ વાંધો તો નથીને એ જાણવાની પણ કોશિશ ન કરી.

હવે જ્યારે વ્યક્તિગત ધોરણે નહીં સમાજની એક નોંધપાત્ર રીતે સક્રિય સંસ્થાએ એ બાબત પહેલ કરી છે ત્યારે તો સમસ્ત મહાજને મોની બાબાની ભૂમિકા છોડવી રહી.

એટલુ જ નહીં જે પરનાતમાંથી આવેલી કન્યાઓને આ નાતના રિવાજ અને સંસ્કારોથી પરિચિત કરવાનો અને તેઓ જો એમ કરવા તૈયાર હોય તો આવકારવાનો જે ઠરાવ થયેલ છે એ ઠરાવને વિસ્તૃત કરી અનાથાશ્રમમાંથી આવતી કન્યાઓને પણ સમાવી લેવા નવેસરથી પસાર કરવો રહ્યો.

આની સાથે અનાથ છોકરીઓ જે અનાથાશ્રમમાંથી આવે છે તેના સંચાલકોએ એ છોકરીઓને સારા સંસ્કાર આપપ્યાની યોગ્ય ચકાસણી કરી નાતના સંદર્ભમાં એ કન્યાઓના વાલીની ભૂમિકા ભજવવાની તૈયારી લેનારાઓની અનુમોદના કરવાનો મુદ્દો ય કાર્યસૂચિ પર લેવો રહ્યો.

આ દૃષ્ટિએ કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિ સમજદાર જ્ઞાતિ તરીકેનું વિરુદ પામી છે એ વાત નવા સંજોગોમાં ફરીથી પુરવાર કરવાની છે.

**– ચંદ્રસેન મોમાયા**

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **“C D O Prakash Samiksha Samiti”** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

|| શ્રી અનંતનાથાય નમઃ ||

કેડીઓ ક્લાસિક
સમાજ ઉત્કર્ષ નિધિ

KDO KLASSIK
SAMAJ UTKARSH NIDHI

MANAGED BY : **KDO KLASSIK - MUMBAI** REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT, 1860 (REGD. NO. 1374 OF 1998)

C/O.DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 1ST FLOOR, 276, DR. DADABHOY NAWROJI ROAD, MUMBAI - 400 001.

PHONE : 2219 8500 FAX : 2205 5556 E-MAIL : kdoklassik.nidhi@gmail.com

# વીરાયતન - કચ્છમાં અભ્યાસની સ્કોલરશીપ

કર્મનિષ્ઠ અને ઉદાર દિલ સભાસદોના સહયોગ, જોશ અને જુસ્સાથી પ્રેરીત **''કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ''** તેની સમાજ ઉપયોગી સેવાઓ વિસ્તારતા ખુબજ ગર્વ અનુભવે છે. આપને જણાવતા હર્ષ થાય છે કે **''કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ''** હવે શિક્ષણ ક્ષેત્રે સેવા આપવાની નવી કેડી કંડારવાનું ઉમદા કાર્ય શરૂ કરે છે.

કચ્છ જીલ્લામાં વસતા આપણી જ્ઞાતિના બાળકોને ગામડાઓમાં પૂરતા શિક્ષણના અભાવે તથા શહેરોમાં અન્ય સમસ્યાઓના કારણે અધવચ્ચે શિક્ષણ છોડી દેવું પડે છે. આજના આ હાઈ-ટેક જમાનામાં ભણતર અને ડીગ્રી હશે તો જ યુવા પેઢી પોતાને અને પોતાના કુટુંબને ઉપર લાવી શકશે.

કચ્છ જીલ્લામાં ભુજ-માંડવી રોડ પર **''બઉંત્તેર જિનાલય''** ની નજદીક **''વીરાયતન વિદ્યાપીઠ''** આવેલ છે જેનો વહીવટ પૂજ્ય જૈન સાધ્વીજી મહારાજ કરે છે. **''વીરાયતન વિદ્યાપીઠ''** માં પ્રથમ ધોરણથી બારમા ધોરણ સુધી અને ત્યારબાદ **''વીરાયતન વિદ્યાપીઠ''** માં **''એન્જીનીયરીંગ કોલેજ''**, **''કોમર્સ કોલેજ''** તથા **''ફાર્મસી કોલેજ''** નું સુશિક્ષણ આપવામાં આવે છે.

પ્રથમ તબક્કે કચ્છ જીલ્લામાં વસતા આપણી જ્ઞાતિના પાંચ બાળક/બાલિકાને પાંચમાં ધોરણથી બારમા ધોરણ સુધી **''વીરાયતન વિદ્યાપીઠ''** માં ભણવાની તથા ત્યાં જ રહેવા-જમવાની અને અન્ય જરૂરિયાતો પૂરી પાડવાની સંપૂર્ણ નાણાંકિય જબાબદારી સ્વીકારી એમને વિદ્યાદાન દઈ સુકૃત બનાવવાનો **''વિદ્યા અભિયાન''** જૂન, ૨૦૧૬ થી શરૂ કરાશે.

કચ્છ જીલ્લામાં વસતા અને આ વર્ષે ચોથા ધોરણામાં અભ્યાસ કરી રહેલ આપણી જ્ઞાતિના બાળક અથવા બાલિકાના વાલીઓ **''કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ''** ના આ **''વિદ્યા અભિયાન''** નો લાભ લેવા ઈચ્છતા હોય તો :-

૧. બાળક/બાલિકાનું પુરૂં નામ (બાળક-પિતા-દાદાના નામ તથા મૂળ અટક)
૨. કચ્છમાં મૂળ ગામ
૩. કચ્છમાં હાલ વસવાટ કરતા હો તેનું સરનામું (પીન કોડ સાથે)
૪. બાળક/બાલિકાની જન્મ તારીખ
૫. હાલ કયા ધોરણમાં ભણે છે તથા
૬. કુટુંબનો વ્યવસાય શું છે?

તેની સંપૂર્ણ વિગત લખી ઉપરના સરનામે ૩૦ એપ્રીલ ૨૦૧૬ સુધી મોકલી આપવા ભલામણ છે. એપ્રિલ, ૨૦૧૬ માં **''કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ''** ના હોદ્દેદારો આવેલ અરજીઓ પર વિચારણા કરી પાંચ બાળક/બાલિકાને પસંદ કરી અરજી કરેલ સર્વ કુટુંબોને જાણ કરશે. હોદ્દેદારોએ નક્કી કરેલ પાંચ નામો અંગે કોઈ ખુલાસો કરવામાં આવશે નહિ.

## ક.દ.ઓ. મુંબઈ મહાજનના નેજા હેઠળ સમસ્ત જ્ઞાતિની ૪૨ પ્રતિભાવંત નારી રત્નોનું સન્માન કરવાનો કાર્યક્રમ 'નારી તું નારાયણી'

જ્ઞાતિની નારી શક્તિને વધાવવા ક.દ.ઓ. મુંબઈ મહાજનના નેજા હેઠળ મહિલાઓ દ્વારા મહિલાઓ માટે વિશેષ કાર્યક્રમ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના ઉપલક્ષ્યમાં રવિવાર તા. ૧૩-૩-૧૬ના ભાંડુપના શેઠશ્રી નરશી નાથા સભાગૃહમાં યોજવામાં આવ્યો જેમાં નારી સશક્તિકરણના આદર્શને સિધ્ધ કરનાર વિવિધ સ્થળોની ૪૨ પ્રતિભાવંત મહિલાઓને સન્માનવામાં આવી.

સન્માન કાર્યક્રમ ઉપરાંત લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલય અને ભાંડુપ નારી શક્તિની બહેનોના સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત ફેશન શો પણ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોઓર્ડીનેટર કલ્પનાબેન ધરમશીના માર્ગદર્શનમાં જસ્મીન ચેતન મોમાયા, ગિરા મૈશેરી, રિધ્ધિ શાહ, ભૂમિ શાહ, નિરવ ચેતન મોમાયાએ જહેમત લીધી હતી.

## ભાંડુપમાં ક.દ.ઓ. 'પખાવાજ'નો બુલંદ અવાજ આભે અથડાયો....

મોભી મુંબઈ મહાજનશ્રી આયોજીત દ્વિતિય પખાવાજ હરિફાઈમાં અનંત મિત્ર મંડળ ભાંડુપ - વરાડીયા જૈન મિત્ર મંડળ - ચંદ્રપ્રભુ પખાવાજ મંડળ લાલા, ક.દ.ઓ. મહાજન તેરા, અચલગચ્છ જૈન સંઘ ગોવા - કોઠારા જૈન મિત્ર મંડળ, ક.દ.ઓ. સમાજ વડોદરા વગેરે સાત મંડળોના લગભગ ૭૫ કલાકારાએ જ્ઞાતિની ધાર્મિક ભાવનાની સાંસ્કૃતિક ક્ષેત્રે પખાવાજ કલાની બુઝાતી દિવડીને પ્રચંડ પ્રકાશે પ્રતિસાદ આપતાં છેલાછેલૂ હોલના ઓડિયન્સે હર પરફોન્સને આનંદના અવાજ અને તાળીઓના ગળગળાટ વધાવ્યા.

નિર્ણાયકો ક.વી.ઓ. જ્ઞાતિ ભૂજપુરના શ્રી નેણશી નરશી દેઢીયા (નગરશેઠ) સાથે રાપરગઢવાસી શ્રી હિરાચંદ વિશનજી નાગડાએ પ્રથમ નંબરે અનંત મિત્ર મંડળ ભાંડુપ. બીજો નંબરે શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ અને તૃતીય નંબરે શ્રી ક.દ.ઓ. સમાજ વડોદરા એમ જાહેર કર્યો. શ્રેષ્ઠ ગાયક શ્રી પદમશી શોજપાર મોતા શ્રેષ્ઠ પખાવાજ વાદન શ્રી ચીમનલાલ દેવજી નાગડા, રાપરગઢવારી, શ્રેષ્ઠ તબલાવાદક શ્રી રાજેન્દ્ર પીતાંબર ડાઘાને જાહેર કર્યો. સ્પેશીયલ ઈનામ ગોવાની મહિલાઓ વીણા એ. દંડ, મીના પી. નાગડા, લીના એલ. નાગડા અને રેખા આર ધુલ્લા તેમજ પખવાજે બાળ કલાકાર વિવાન પકાશ દંડને આપ્યું. મહાજનશ્રીના પદાધિકારીઓના હાથે ઉચ્ચિત રકમના કવર આપતાં સૌને કેમેરા અને સી.ડી.માં કંડારાયા સૌ હરિફ મંડળોના પણ બહુમાન થયાં.

કલા રસીકો ઠેર ઠેરથી પધારી પ્રસંગને માણતાં વડીલોની વીરસતને યાદ કરી થાકતા નહોતા. અનંત સિધ્ધિનું આંગણું રેયાણ બન્યું હતું. પખાવાજે પારંપારીક જૂના ગીતો વડીલો ગાતા એ જ લય ઢાળમાં ગવાયા.

ઓડીયન્સ અને કલાકારોની માંગને લક્ષમાં લઈ મુંબઈ મહાજનના પ્રમુખશ્રીએ હર વરસ આયોજન કરવા જાહેર વચન આપી હર ગામવાસી રસીયા ભાગ લે તેવું આવાહન કર્યો. હર મંડળ ઉપર ગોર થયેલી મંડળોએ તે રકમ સર્વ સાધારણ ફંડમાં જમા થઈ.

– **લહેરચંદ વેલજી મૈશેરી**, ભાંડુપ


# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ



## કચ્છ એકમ ક્રિકેટ કાર્નીવલ-૨૦૧૬ (KCC-2016)નું ભવ્ય આયોજન



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ દ્વારા જ્ઞાતિના યુવાનો પરસ્પર સંપર્કમાં આવે અને આપસી સંબંધો કેળવાય તેવી ભાવનાઓ સાથે સમસ્ત ભારતના કચ્છી દશા ઓસવાલ યુવાનો માટે ગાંધીધામ મુકામે **તારીખ ૨૩/૨૪ એપ્રીલ-૨૦૧૬ શનિવાર - રવિવાર**)ના ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૧૨ ટીમોનો જ સમાવેશ કરવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ટીમ બનાવી ભાગ લેવા સર્વે કે.ડી.ઓ. યુવાનો ને ભાવભર્યું આવાહન છે.

ભાગ લેનાર ટીમ માટે ફોર્મ ભરવાની છેલ્લી **તારીખ ૩૧/૦૩/૨૦૧૬** છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ટીમે ફોર્મ સાથે રૂપીયા ૧૧૦૦૦/- ડીપોઝીટના જમા કરાવવાના રહશે જે ટુર્નામેન્ટ માં ભાગ લીધા બાદ રીફંડ આપવામાં આવશે.

ફોર્મ મેળવવા માટે **kutchekkam@gmail.com** ઉપર એપ્લીકેશન કરવાથી ફોર્મ તેમજ અન્ય માહિતી મોકલાવી આપવામાં આવશે.

**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કચ્છ એકમ**

**શ્રી મહેશ ખીમજી લાલકા** – પ્રમુખ

**શ્રી લહેરચંદ આણંદજી ખોના** – માનદ મંત્રી

વધારે માહિતી માટે સંપર્ક :

**શ્રી નિરંજન નરશી લોડાયા – 094272 49720**

**શ્રી મનિષ નરશી ખોના – 094285 67242**

**શ્રી મીકીર લહેરચંદ ખોના – 099250 38103**


Blue Birds School
We just don't teach, we educate
Blended Schooling
Moral Values, Ethics & Cultural Training
Comprehensive Curriculum
Sports & Games
Latest Teaching Aids Equipments
Brain Teasing Activites
Field Trips & Exciting Celebrations
Mathematics & Science Projects
Students Teachers Ratio 25:1
Well Stocked Library
Upgraded Laboratories
Art & Craft Workshops
Debates & Dramatics
Experienced & Well Trained Teachers
Transportation Facility
Additional Languages : French, German, Sanskrit
Computer Education / Uc Maths / Abacus
ADMISSION OPEN
Std. I to X (SSC)
Day Care, Playgroup
Nursery, Jr. Kg. & Sr. Kg.
0251-2883058 / 8097013853 / 8080613853 / 7506177005 / 06
Tri-Geetanjali, Shanti Nagar, Near Pandurangwadi Jain Temple, Dombivli (E)
E-mail : BlueBirdsSchool99@gmail.com
WWW.sanskargurukul.com



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### પ્રતિક્રમણ વિધિ

**પ્રશ્ન – પક્ખી પ્રતિક્રમણ પહેલા પુનમ અમાસના હતું પછીથી કેટલાક ચૌદસના કરવા લાગ્યા એ માટે કોઈ લખાણ ક્યાંય ઉપલબ્ધ થાય છે ?**

**ઉત્તર –** આગમો પક્ષના અંતે એટલે પુનમ – અમાસના પક્ખી પ્રતિક્રમણ કરવાનું જણાવે છે અને આજે પણ અચલગચ્છમાં આગમની એ પંરપરા જળવાયેલી જોવા મળે છે. સ્થાનકવાસી સંપ્રદાય પણ પુનમ – અમાસના પક્ખીને માન્યતા આપે છે.

વીર નિર્વાણ પછી પ્રાયઃ ૧૧૫૦ અથવા ૧૨૦૦ વર્ષ પક્ખી ચૌદસના થયાના ઉલ્લેખો પ્રાચીન ગ્રંથોમાં મળે છે ''વિચાર શ્રેણિ'' ગ્રંથમાં કહ્યું છે કે – बारसवास सएसु, पन्नासहिएसु वद्धमाणाओ । चउद्दसि पढम पवेसो, पकाप्पिओ साईसूरिहिं ।।

વીર નિર્વાણથી ૧૨૦૦ વર્ષ વ્યતીત થવામાં ૫૦ વર્ષ બાકી હતા (૧૧૫૦) ત્યારે સ્વાતિસૂરિ દ્વારા સર્વ પ્રથમ ચઉદસના પક્ખી પ્રતિક્રમણ કરવાની પરંપરા ચાલુ થઈ.

'રત્નસંચય' ગ્રંથમાં કાંઈક ફેરફાર જણાય છે એમાં કહ્યું છે કે – बारसवास सएसु पुणिम दिवसाओ पाठखिंय जेन । चाउद्दसी पढ़वेसुं पकप्पिअ साहिसूरिहिं ।।

વીર નિર્વાણ ૧૨૦૦ વરસ પશ્ચાત સાહિસૂરિએ પાક્ષિક પ્રતિક્રમણ પૂર્ણિમાથી હટાવીને ચઉદસના પ્રચલિત કર્યું.

ગચ્છોત્પતિ પ્રકરણમાં એમ લખ્યું છે કે સં. ૫૨૩ વર્ષે ચોથની સંવત્સરી થઈ. ત્યારબાદ ૨૫૭ વર્ષે એટલે કે સં. ૭૮૦ વર્ષે સ્વાતિસૂરિએ ચૌદસની પાંખી કરી.

એથી એટલી વાત નક્કી થાય છે કે પ્રથમ પુનમ – અને અમાસનીજ પક્ખી હતી પછી કાળાંતરે કેટલાક આચાર્યોએ ચૌદસના પક્ખી કરવાનો પ્રારંભ કર્યો છે. અચલગચ્છના પ્રતિક્રમણાદિમાં બોલાતા બધાજ સૂત્રો આગમમાંથી લીધેલા છે. ઉપાસક દશાંગ અને આવશ્યકસૂત્ર એની સાક્ષી પૂરે છે. તેવી જ રીતે અન્ય સ્પષ્ટોત્તરી કેવલનાણી વિગેરે સ્વગચ્છના આચાર્યોના જ સૂત્રો છે. અન્ય ગચ્છની કોઈ કૃતિઓને સ્થાન આપવામાં આવ્યું નથી. જ્યારે અન્ય ગચ્છોમાં અચલગચ્છના આચાર્યોની કૃતિઓએ સ્થાન મેળવ્યું છે. એજ આ ગચ્છની મહાનતા સિધ્ધ કરે છે, એથી અચલગચ્છના સાધુ સાધ્વીજી તપાગચ્છનુ પ્રતિક્રમણ કરે છે એમાં તથ્ય કેટલું ? (ક્રમશઃ)

**પ્રશ્ન – જિનાલયમાં પ્રતિમા સફાઈ કે શુદ્ધિ કેવી રીતે થઈ શકે ?**

**ઉત્તર –** શ્રાવક-શ્રાવિકા પોતાના હાથે નીચેની વિધિ પ્રમાણે

**www.Candidcaptures.in**

**Pre-wedding, Wedding, Portfolio, Product, Concert, Corporate, Industrial, Architecture, Photography & Video services**
Available pan India

**Taste Bud Teasers,** Dhule
Garden Café cum Take-away Food Joint (Jain*)

**Polish your Handwriting**
(Outstation workshops being conducted)

**Lata #** 98231 68879
**Himanshu #** 98234 23983, # 8082315512

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**ડૉ. અજીત** PhD તથા **ચિ. પૂજા** M.S. ના

**શુભ લગ્ન પ્રસંગે લાભ લીધા સવાયા, જીવનમાં બાંદયા પૂણ્યના ભાથા....**

**સાંધવનગરે ચર્તુરવિધ સંઘસાથે અજિતશાંતિ મહાપૂજન પ્રથમવાર ઉજવાયો.**

**ડૉ. અજીત** PhD અને **ચિ. પૂજા** M.S. ના શુભલગ્ન તા. ૧૬-૨-૨૦૧૬ના અમેરીકા મુકામે રાખવામાં આવેલ. આ શુભપ્રસંગે **શ્રી નવિન માણેકજી કેશવજી લોડાયા** ગામ સાંધવવાળા તરફથી સાંધવ ગામે શ્રી શાંતિનાથદાદાની સાનિધ્યમાં **અજિતશાંતિ મહાપૂજન** રાખવામાં આવેલ. વિધિ વિધાન માટે કેવલભાઈ સાવલા પધારેલ.

બપોરના સાધર્મિક ભક્તિ અને સાંજના ચૌવિહાર તેમજ રાત્રે પ્રભુની ભક્તિ ભાવના અને જીવદયામાં નિલોચારોનો લાભ તેમજ શ્રી શાંતિનાથ દાદાના ૧૫૦ વર્ષ ગાદીશીન સાર્ધ શતાબ્દિ પંચાન્હિકા મહોત્સવ દરમ્યાન અઠ્ઠમતપ વાળાને દરેકને **રૂા. ૫૦૦/-**ની પ્રભાવના પરિવાર તરફથી કરવામાં આવેલ. **અઠ્ઠમ તપ**માં ૫૦ જણે તપસ્યા કરેલ. તથા સાંધવગામે નિવાસસ્થાને ગામવાસી તથા પધારેલ મહેમાનોના સંગાથે ઢોલ સરણાઈ સાથે લગ્નના ગીત ગવાયા.

પ્રતિમા સાફ કરી શકે છે – • પ્રતિમા સફાઈ માટે (પાષાણની) – ૨૫૦ ગ્રામ ખાટું દહીં, લઈ તેમાં ૧૦૦ ગ્રામ ગુલાબી વડી નાખવી અને તેમાં ત્રણ-ચાર લીંબુનો રસ નીચોવવો. તેની પેસ્ટ બનાવી પ્રતિમાજીના સર્વ અંગો પર ખૂણેખાંચરે લગાડી સમુદ્રફીણથી ઘસવું પછી એક કલાક સુધી એમ જ રહેવા દેવું. ફરી સમુદ્રફીણથી ઘસી ચોક્ખા પાણીથી સફાઈ કરવી.

• ધાતુની પ્રતિમાની સફાઈ માટે – ખાટું દહીં, આંબલી તથા કંકોલી પાવડર વગેરે સપ્રમાણ લઈ તેમાં લીંબુનો રસ નાખી પેસ્ટ બનાવી ધાતુની પ્રતિમાની સર્વ અંગે લગાડવું પછી સુતરાઉ મલમલ જેવા મુલાયમ કપડામાં વડીખડીનો પાવડર લઈ પોટલી જેવું બનાવી ઘસવું. આવી રીતે કરવાથી પ્રતિમા એકદમ સ્વચ્છ થઈ જાય છે.

• ધાતુની પ્રતિમાની શુદ્ધિ માટે કેટલાક ઠેકાણે પિતાંબરી વપરાય છે. તેમાં ત્રણ પ્રકારના કેમીકલ વપરાય છે, તેથી પ્રતિમા જલદી જલદી ઉજળી તો થઈ જાય છે. પણ થોડા જ સમયમાં કાળી પડી જાય છે. માટે આવા કેમીકલો દ્વારા પ્રતિમાની શુદ્ધિ કરવી યોગ્ય ઉચિત નથી માટે તેનો ખ્યાલ રાખશો.

**પ્રશ્ન – ગુલાબી વડી અને વડીખડી એટલે શું ?**

**ઉત્તર –** ગુલાબી પથ્થરના ઘસાઈ કામમાં જે ભૂક્કો-પાવડર નીકળે તે ગુલાબવડી કહેવાય છે તથા અકીક હીરા વગેરેના ઘસારામાં જે નીકળે તે વડીખડી કહેવાય છે. વડીખડી ખંભાતમાં મળે છે.

**પ્રશ્ન – ભગવાનની પ્રતિમાને ઓપ-લેપ કરાવવા જરૂરી છે ?**

**ઉત્તર –** ઓપ અને લેપ વર્તમાન સમયમાં શુધ્ધ વિધિપૂર્વક કરવાવાળા કારીગરો અલ્પ છે. અજ્ઞાન શ્રાવકોને અવિધિથી અયોગ્ય કેમિકલ વાપરીને ઠગનારા ઘણા છે. તેથી પ્રતિમાજીને નુકસાન થાય છે.... પ્રતિમાના દેવતત્વમાં હાની થાય છે. પછી વારવાર લેપાદિ કરાવવા પડે છે. આ કારણથી લેપ-ઓપ અતિ આવશ્યક હોય તો જ જાણકાર કારીગરો પાસેથી જ પોતાની દેખરેખ હેઠળ કરાવવા. કાઈ અયોગ્ય – હાનીકારક રસાયણદિનો ઉપયોગ નથી થતો એની ખાત્રી કરીને કરાવવું. કેટલાક કારીગરો લેપના નામે ઑઈલ પેન્ટ કલર લગાડી જાય છે. એ કલર જ્યારે ઉતરવા માંડે છે ત્યારે પ્રતિમા વિચિત્ર દેખાય છે. ધાબાધાબા પડી ગયા હોય એવા દેખાય છે. જિન પ્રતિમા જિન સમાન કહેવાય છે. અંજનશલાકાવાળા પ્રતિમાજીની આશાતના ન થાય એવી રીતે ખાસ સાવધાની રાખીને અતિ આવશ્યક હોય તો જ ઓપ-લેપ કરાવવા જેવો છે.

**શ્રી મહેન્દ્ર લાપસીયાની સિધ્ધિ**



ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એચ. લાપસીયા (શાહ) – નલીયા-ભાવનગરની ઈલેક્ટ્રીસીટ સપ્લાય કોડ રીવ્યુ પેનલમાં સતત છઠી ટર્મ માટે પુનઃ નિયુક્તિ થઈ છે.

**વડોદરાના ભાઈ ભાઈ દાબેલી ફેમ જ્ઞાતિજન પ્રફુલ્લ લોડાયા કલર્સ ગુજરાતી પર**

વડોદરામાં સ્વાદ રસીયાઓ માટે ૩૦ વરસથી **ભાઈ ભાઈ દાબેલી** તરીકે જાણીતા છે. શ્રી પ્રફુલ શામજી લોડાયા બુધવાર રાત્રે ૭.૩૦ વાગ્યે T.V.માં આવતા કલર્સ ગુજરાતીમાં ઉપરોક્ત બાબતે ચમક્યા હતા.

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટરના સથવારે તા.૨૫-૩-૨૦૧૬ને શુક્રવારના સવાર ૧૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં તથા બપોરના ૧.૩૦ વાગ્યાથી ૩ વાગ્યા દરમ્યાન ચેમ્બુરમાં હાડકાનો તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક કેમ્પ યોજેલ છે. રજીસ્ટ્રેશન ના રૂા. ૫૦ ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે શનિવાર તા. ૨૬-૦૩-૨૦૧૬ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૩.૩૦ વાગ્યાસુધી તથા રવિવાર તા. ૨૭-૦૨-૨૦૧૬ના સવારના ૯.૩૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦ ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનો એ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.


શુભેચ્છાઓ સહ...

સાંધવ રત્ન

શ્રી મુલજી રાઘવજી લોડાયા

MRL Group of Companies

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

## આયોજિત રાજસ્થાન – મધ્યપ્રદેશ મહાતીર્થ યાત્રા

**શુક્રવાર, તા. ૨૨.૦૧.૨૦૧૬**ના રોજ **૧૩૬ યાત્રિકોએ** મુખ્યદાતાશ્રી અને સહયોગી દાતાશ્રીના સહયોગથી માત્ર **રૂા.૨,૦૦૦/-** માં શ્રી જખૌ મહાજનના નેજા હેઠળ યાત્રા પ્રયાણ કર્યું હતું. જોરદાર ચૌવિહાર બાદ ચિ. ધવલના પાસ થયાની ખુશાલી નિમિત્તે માતુશ્રી લીલાવંતીબેન વિશનજી સોની પરિવાર તરફથી કેસરી મસાલેદાર ગરમ દુધ પીવડાવી યાત્રાની શુભ શરૂઆત સાંજે ૬.૩૦ કલાકે જયપુર એક્સપ્રેસ દ્વારા મુંબઇ સેન્ટ્રલથી આલોટ તરફ પ્રસ્થાન કર્યું.

**શનિવાર, તા. ૨૩.૦૧.૨૦૧૬** સવારે ૭.૦૦ કલાકે શ્રી નાગેશ્વર તીર્થ આગમન, ૨૩માં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાન (નાગેશ્વર પાર્શ્વનાથ) સ્વયં ધરણેન્દ્ર દ્વારા નિર્માણ પામેલી ભગવાનના જીવનકાળની ૧૪ ફૂટની નીલવર્ણ પ્રતિમાની સેવા પૂજા-દર્શન, નવકારશી બાદ **શ્રી વહીતીર્થ** તરફ પ્રયાણ. આ તીર્થ ૧૧મી સદી પહેલાનું છે. મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની દર્શન-પૂજા, સમૂહ ચૈત્યવંદન, બપોરનું ભોજન બાદ **શ્રી બીબદૌડ તીર્થ** તરફ પ્રસ્થાન, ૧૮૦૦૦ વર્ષ શ્યામવર્ણા વેલુના પથ્થરથી બનેલી મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામિ ના દર્શન-વંદન-ચૌવિહાર બાદ રાસ-ગરબા સાથે પ્રભુજીની ભાવના ભણાવ્યા બાદ રાત્રિ રોકાણ માટે મોહનખેડા તરફ પ્રયાણ.

**રવિવાર, તા. ૨૪.૦૧.૨૦૧૬ શ્રી મોહનખેડા તીર્થે** મુળનાયક શ્રી આદેશ્વર ભગવાનની વાસક્ષેપ પૂજા, નવકારશી બાદ **શ્રી ભોપાવર તીર્થ, શ્રી ભક્તામર તીર્થ, શ્રી અમીઝરા તીર્થ**ના દર્શન કરી **શ્રી માંડવગઢ તીર્થ** આગમન. ત્યાં મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની દર્શન-પૂજા-સાધર્મિકભક્તિ તથા માંડવગઢના અન્ય સ્થળો સમયાનુસાર દર્શન કરી રસ્તામાં ગરમાગરમ જલેબી, ખસ્તા કચોરી, ચા-કોફીથી ચૌવિહાર લઇ હાસમપૂરા (ઉજ્જૈન) રાત્રી રોકાણ.

**સોમવાર, તા. ૨૫.૦૧.૨૦૧૬** સવારે મૂળનાયક પ્રભુજીની વાસક્ષેપ પૂજા બાદ નવકારશી કરી **શ્રી મણીભદ્રતીર્થ (ભેરૂગઢ) ઉજ્જૈન તીર્થના** દર્શન-પૂજા-બપોરની સાધર્મિક ભક્તિ બાદ ઉજ્જૈનના પ્રખ્યાત **શ્રી મહાકાલેશ્વર** તથા અન્ય જોવા લાયક સ્થળોના દર્શન કરી ચૌવિહાર બાદ **શ્રી મકસીજી તીર્થ**ના દર્શન. રાત્રી રોકાણ માટે **શ્રી હ્રીંકારગીરી તીર્થ** (ઇંદોર) તરફ પ્રસ્થાન.

**મંગળવાર, તા. ૨૬.૦૧.૨૦૧૬**ના **શ્રી હ્રીંકારગીરી તીર્થ** માત્ર ૪૦૪ દિવસમાં તૈયાર થનાર આ એક માત્ર તીર્થ છે. આ તીર્થમાં શ્રી આદિનાથ થી શ્રી વાસુપૂજ્યસ્વામિ સુધીના ૧૨ પ્રભુજી ૧૭૦ જિનયંત્ર (સર્વતોભદ્ર મહાયંત્રના મધ્યમા બિરાજમાન છે.) **મૂળનાયક શ્રી ૐકાર પાર્શ્વનાથ ભગવાન**ના દર્શન-વાસક્ષેપ-કેસર પૂજા-નવકારશી કરી રસ્તામાં નર્મદા નદીના કાંઠે પ્રખ્યાત ગોપાલ હોટેલમાં બપોરનું સુંદર જમણ કરી વિશ્વવિખ્યાત **ૐકારેશ્વર** દર્શન. ત્યાં નર્મદામાં બોટીંગ, પ્રખ્યાત લક્ષ્મણ ઝૂલો તથા અન્ય જોવાલાયક સ્થળોના દર્શન કરી સાંજે ૪ કલાકે **ઇન્દોર દર્શન** (ફ્રી ઝોન). સાંજે પ્રખ્યાત સરાફા બજારની અવનવી વાનગીઓનું સ્વાદ લઇ પાછા **શ્રી હ્રીંકારગીરી તીર્થ** રાત્રી રોકાણ માટે પ્રસ્થાન.

**બુધવાર, તા. ૨૭.૦૧.૨૦૧૬**ના નવકારશી દર્શન-પૂજા બાદ ૧૦ કલાકે **બહુમાન કાર્યક્રમ** રાખવામાં આવેલ જેમાં ઇન્દોર સંઘના આપણા ભાઇઓ/બહેનો પણ સારી સંખ્યામાં પધારેલ તથા સંઘ પૂજન કરેલ. કાર્યક્રમની શરૂઆત મહામંત્ર નવકાર પઠનથી કરવામાં આવી હતી. **જખૌ મહાજન પ્રમુખ શ્રી ભરતભાઇ જીવાણી**એ સહુને આવકાર્યા હતા. તથા દાતા પરિવારો, કાર્યકરો અને ઇન્દોરવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. **મુખ્ય દાતાશ્રીઓનો શાલ, શ્રીફળ, મોમેન્ટો, ૧૦ ગ્રામ ચાંદીનો સિક્કો તથા અનુમોદના ગિફ્ટ આપી બહુમાન કરવામાં આવેલ તથા કાર્યકરોનો મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવેલ. સંઘ પૂજનના દાતાશ્રી (પ્રત્યેક રૂા.૧૧૦૦/-) પરિવારો તરફથી ૧૦ ગ્રામ ચાંદીના સિક્કાથી દરેક યાત્રિકનું સમૂહ સંઘ પૂજન કરવામાં આવેલ.** બપોરની સાધર્મિક ભક્તિ કરી ઇન્દોર રેલ્વે સ્ટેશનથી ઇન્દોર-પૂના એક્સપ્રેસ દ્વારા બપોરે ૨ કલાકે મુંબઇ તરફ પ્રયાણ. **શ્રી મણીલાલભાઇ દંડ** તરફથી ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા તેમજ વિદાય ચૌવિહાર કરવામાં આવેલ.

હિરાચંદ શિયાડ, સુરેશ પટેલ, નવીન મૈશેરી, દિનેશ નાગડા, હેમેન્દ્ર લોડાયા, સંજય લોડાયા, ભરત મોમાયા, લહેરચંદ સોની, કમલેશ શાહ, ભાવિક સાલીયા, કૃણાલ શાહ, દિપક લોડાયા, પૂજા જીવાણી, વિમલ મૈશેરી, ચીમન મૈશેરી, અમિતા મોમાયા, કિરણ જીવાણી, જયા લોડાયા, ખૂશ્બુ લોડાયા, નેહા શિયાડ, ખૂશ્બુ શિયાડ, ભક્તિ સાલીયા, મહેન્દ્ર મૈશેરી, ભરત લોડાયા, પરેશ મૈશેરી, ખીમજી મૈશેરી, પરેશ જીવાણી તથા નામિ-અનામિ કાર્યકર્તાઓ સફળ યાત્રાની જહેમત ઉઠાવી હતી જેની મહાજન અનુમોદના કરે છે.

**દરેક કાર્યકર્તાઓ તથા ખાસ શ્રી મણીલાલભાઇ દંડ અને જય મૈશેરી ઇંદોરવાળા તથા વિશેષ અમારા માનવંતા મુખ્ય દાતાશ્રીઓ, સહયોગી દાતાશ્રીઓ તથા શ્રી સંઘપૂજનના લાભાર્થી પરિવારોની જખૌ મહાજન અનુમોદના સહ આભાર માને છે.**

રસ્તામાં વિવિધ તીર્થ યાત્રાના સંસ્મરણો, વિવિધ તીર્થોની ભવ્યતા, ઇતિહાસ અને તેની ઉત્પતિના કારણોને માનસ પટલ પર કાયમી બિરાજમાન થાય એ હેતુ થી આ યાત્રા હજીતો શરૂઆત જ છે એમજ વર્તાતું હતું. આ યાત્રા પ્રવાસપણ સદાય આ યાત્રિકોના સહયોગને પણ આભારી છે. જાત્રા-સુજાત્રા ! જય જિનેન્દ્ર !! ફરી મળીશું !!!

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી યાત્રા સમિતિ**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

**આયોજિત રાજસ્થાન – મધ્યપ્રદેશ મહાતીર્થ યાત્રા**

## મુખ્ય દાતાશ્રી પરિવારો

| | | |
|---|---|---|
| માતૃશ્રી લીલાવંતીબેન વિશનજી સોની | શ્રી લક્ષ્મીચંદ ભવાનજી મોમાયા | માતૃશ્રી લીલબાઇ શીવજી લોડાયા (પટેલ) |
| માતૃશ્રી નવલબાઇ સોમચંદ મુનવર | માતૃશ્રી ગંગાબાઇ ખેતશી શિયાડ | માતૃશ્રી પ્રેમાબાઇ ખીમજી શિયાડ |
| શ્રી વિજય મેઘજી મૈશેરી | માતૃશ્રી દિવ્યાબેન દામજી લોડાયા અને | માતૃશ્રી વાલબાઇ જેઠાભાઇ લોડાયા |
| શ્રી ભૂપેન્દ્ર પદમશી લોડાયા | માતૃશ્રી પુષ્પાબાઇ પદમશી મોમાયા | માતૃશ્રી જયાબાઇ દામજી ધરમશી (પટેલ) |

## સહયોગી દાતાશ્રી પરિવારો

| | | |
|---|---|---|
| માતૃશ્રી સોનબાઇ વિશનજી મૈશેરી | શ્રીમતી હીના જીતેન્દ્ર લોડાયા(વરાડીયા) | શ્રી મણશી મેઘજી બુકસેલર/કુંજીકા, હેમપ્રભા, ભરત મોતા |
| શ્રી રાજેન્દ્ર વેલજી સોની | શ્રી ચંપક રાયચંદ જીવાણી | માતૃશ્રી જેઠીબાઇ ખીમજી સાલીયા, સી.વી.શાહ, |
| માતૃશ્રી ધનબાઇ શામજી મોમાયા | માતૃશ્રી ગંગાબાઇ ખેતશી શિયાડ | માતૃશ્રી કાંતાબાઇ નારાણજી ધુલ્લા, માતુશ્રી નવલબાઇ વાલજી ધરમશી, |
| શ્રીમતી રતનબેન મણીલાલ નાગડા | ભક્તિ ભાવિક સાલીયા/ખુશ્બુ હિરાચંદ શિયાડ | માતૃશ્રી માંકબાઇ મુલજી શિયાડ |

## સુંદર થેલીના લાભાર્થી : શ્રી રાજેશ આણંદજી ખોના (મુલુંડ) મે. સ્વસ્તિક એજેન્સી

## રૂા. ૧૧૦૦/- સંઘપૂજન ના લાભાર્થી પરિવારો તરફથી (૧૦ ગ્રામ ચાંદીની ગીની દરેક યાત્રિકને)

| | | |
|---|---|---|
| માતૃશ્રી સોનબાઇ વિશનજી મૈશેરી | શ્રી પદમશી માલશી મોમાયા | શ્રી મહેન્દ્ર ઉમરશી મૈશેરી |
| માતૃશ્રી જયાબાઇ ગોવિંદજી મૈશેરી | માતૃશ્રી કબીબાઇ રાયચંદ જીવાણી | માતૃશ્રી મીનાક્ષીબેન મુલચંદ સોની |
| માતૃશ્રી હીમાબાઇ વિશનજી લુઠીયા | માતૃશ્રી દમયંતીબેન હીરાચંદ કાયાણી | શ્રી વેલજી શામજી સોની |
| માતૃશ્રી ધનબાઇ શામજી મોમાયા | માતૃશ્રી રેવંતીબાઇ વીરચંદ મૈશેરી | શ્રી રમેશ ભવાનજી મોમાયા |
| માતૃશ્રી દિવ્યાબાઇ દામજી લોડાયા તથા | માતૃશ્રી લીલાવંતીબેન કેશવજી મોતા | માતૃશ્રી પ્રેમીલાબેન પદમશી ખોના |
| માતૃશ્રી પુષ્પાબાઇ પદમશી મોમાયા | શ્રી નરેન્દ્ર હંસરાજ મોમાયા | કિશોરીબેન ચંદ્રકાન્ત જીવાણી |
| માતૃશ્રી ધનબાઇ હીરજી નાગડા | માતૃશ્રી લક્ષ્મીબેન વિશનજી નાગડા | પુષ્પાબેન ધનરાજ મુનવર |
| શ્રી લહેરચંદ શામજી નાગડા | માતૃશ્રી રતનબેન મેઘજી નાગડા | માતૃશ્રી લીલબાઇ નેણશી મોમાયા |
| શ્રી અશ્વીન ધનજી મૈશેરી | માતૃશ્રી વેલબાઇ નારાણજી દંડ | શ્રી કિશોર ખીંયશી શિયાડ |
| શ્રી હિરાચંદ નરશી શિયાડ | શ્રી જખૌ મૈશેરી માતાજીને નમતા ભાવિકો | શકુંતલાબેન ગુલાબચંદ મૈશેરી |
| શ્રી કાંતિલાલ શામજી નાગડા | શ્રી સંતોષ પ્રતાપ લુઠીયા તથા | શ્રી મહેન્દ્ર ઉમરશી જીવાણી |
| માતૃશ્રી પુષ્પાબાઇ પદમશી શિયાલ | શ્રી રમેશ ગોવિંદજી મૈશેરી | માતૃશ્રી લક્ષ્મીબાઇ કલ્યાણજી નાગડા |
| માતૃશ્રી ધનબાઇ હેમરાજ શિયાલ | શ્રી ચેતનકુમાર ખીમજી મોમાયા | શ્રીમતી ઇન્દુબેન ભરત લોડાયા |
| માતૃશ્રી ચંપાબાઇ ઉમરશી શિયાડ | માતૃશ્રી કસ્તુરીબાઇ ખેતશી શિયાડ | માતૃશ્રી લીલાવંતીબેન વિશનજી સોની |
| શ્રી લહેરચંદ આણંદજી જીવાણી | શ્રીમતિ કલ્પના હરીશ મૈશેરી | શ્રીમતી રતનબેન મણીલાલ નાગડા |
| શ્રી ખીમજી ચાંપશી મૈશેરી | શ્રી વેલજી જીવરાજ મૈશેરી | શ્રીમતી સુશીલાબેન મુકેશ નાગડા |
| માતૃશ્રી ચંદનબેન લહેરચંદ લાલકા | માતૃશ્રી દયાબેન ભાનુચંદ નાગડા | શ્રી મણીકાંત ખીંયશી શિયાડ |
| શ્રી દિપક પુનશી નાગડા | માતૃશ્રી મુરબાઇ વેરશી જીવાણી | શ્રીમતી અમીતા તિલક મોમાયા |
| માતૃશ્રી ચંદનબેન સોમચંદ નાગડા | શ્રી જયેશ લક્ષ્મીચંદ શિયાડ | શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા |
| માતૃશ્રી ગુણવંતીબેન દેવશી જીવાણી | શ્રી કાંતિલાલ ધનજી મોતા | શ્રીમતી દમયંતી પરેશ જીવાણી |
| માતૃશ્રી વિજયાબેન હિરાચંદ મોમાયા | માતૃશ્રી મલ્યાબાઇ આણંદજી ખોના | પુષ્પાબેન શીવાજી નિમ્બાલકર |
| શ્રી મયુર નવીન જીવાણી | શ્રીમતિ માલતીબેન હરીશ ધરમશી | જીજાબાઇ ગોવર્ધન સાવંત |
| જ્યોતિ સનત્ ખોના | શ્રી રતનશી દામજી જીવાણી | શ્રીમતી ગીતા કિરીટ લોડાયા |
| કૃણાલ શરદ ધરમશી | શ્રીમતિ મંજુલાબેન કુલીનકાંત જીવાણી | માતૃશ્રી માનબાઇ ટોકરશી મૈશેરી |
| માતૃશ્રી પ્રેમીલાબેન પદમશી મોમાયા | માતૃશ્રી મધુરીબેન જવેરચંદ જીવાણી | શ્રીમતી મધુબેન વિજય ખોના |
| શ્રી કાંતીલાલ ખીમજી નાગડા | શ્રી મણશી મેઘજી બુકસેલર | શ્રી કુમાર ખીમજી મૈશેરી |
| શ્રીમતી લીલાબેન સોમચંદ નાગડા | કુંજીકા, હેમપ્રભા, ભરત મોતા | શરતચૂકથી કોઇ પણ દાતા પરિવારો તથા કાર્યકરોનું નામ રહી ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્ ! |
| શ્રી દિનેશ દામજી મોમાયા | ક્રિશ, દ્રષ્ટિ, ક્રિંકેશ મૈશેરી | |

**લિ. યાત્રા સમિતિ : પ્રમુખ - ભરત જીવાણી કન્વીનર : હિરાચંદ શિયાડ અને સુરેશ પટેલના જય જિનેન્દ્ર**

# ગુજરાતના પ્રથમ જૈન ACP પન્નાબહેન મોમાયા કહે છે
# ફરજ પાલનમાં દોષિતોને દંડ આપવો એ જીવ હિંસા નથી

**સામાન્ય રીતે વેપાર અને વાણીજયના ક્ષેત્રે આગળ પડતા ગણાતા જૈનો પોલીસની નોકરી કરવાનું પસંદ કરતા નથી. જો કે અમદાવાદ ખાતે આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ પન્નાબહેન મોમાયા અપવાદ છે. આ શ્વેતાંબર મુર્તિપુજક જૈન મહિલા ૩૩ ટકા મહિલા અનામતનો લાભ લઈને નહી પરંતુ ઓપન કેટેગરીમાં પુરૂષોની સ્પર્ધા કરીને પોલીસ અધિકારી બન્યા છે.**




પન્નાબહેન કહે છે ધ વર્ષ ૨૦૦૨માં મહિલા PSI તરીકે સેટલાઈટ અને નારણપુરા પોલીસ સ્ટેશનમાં મારું પહેલું પોસ્ટીંગ હતું. અહીં મે ૨૦૦૫ સુધી એક મહિલા પોલીસ અધિકારી તરીકે ખૂબજ સાહજિક રીતે ફરજ બજાવી. આ સમય દરમિયાન કશુંક વિશિષ્ટ કરવાની પ્રબળ ઈચ્છા અને ધગશના લીધે ગુજરાત જાહેર સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉર્તિણ થતા આણંદ જિલ્લાના ખંભાત-તારાપુરના મામલતદાર તરીકે નિયુક્તી મેળવી.

૨૦૧૧માં ફરીથી જાહેર સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉર્તિણ થઈને સુરેન્દ્રનગરમાં DYSP તરીકે પોલીસ ખાતામાં નિયુક્તી મેળવી. એ ગાંધીનગરમાં કરાઈ એકેડમી ખાતે ડી વાય એસ પીની એક વર્ષની તાલીમ લીધી જેમાં મહિલા અને પુરુષ મળીને કુલ ૬૨ તાલીમાર્થીઓ માંથી ૧૦ મેં રેન્ક મેળવ્યો હતો. સુરેન્દ્રનગરમાં ડી વાય એસ પી તરીકે ત્રણ વર્ષ સુધી ડ્યુટી કરીને હાલમાં ઓગસ્ટ ૨૦૧૫થી મહિલા ક્રાઈમ બ્રાંચના એસીપી તરીકે ફરજ બજાવું છું.

**માતા-પિતાએ કહયું જૈનોથી કાંઈ પોલીસની નોકરી થાય ?**

પન્નાબહેન કહે છે અહિંસા, ક્ષમા અને દયાના ધાર્મિક સંસ્કારો ધરાવતા મારા પિતા હું પોલીસ અધિકારી બનું તેમ ઈચ્છતા ન હતા. પરીવારના લોકોનું પણ માનવું હતું કે પોલીસમાં આરોપીને ગુનો કબૂલ કરાવવા માટે બળપ્રયોગ કરવો પડે છે જેનાથી જીવહિંસા થાય છે. આથી જો મને પોલીસ ખાતામાં નોકરી મળશે અને તેમાં હું ધર્મપાલન નહી કરી શકું તો રાજીનામું આપી દઈશ એવી હૈયાધારણા સૌને આપી હતી. બી.કોમ એમ કોમ અને એલ એલ બી નો સ્ટડી પુરો કર્યો પછી ૨૦૦૧માં પ્રથમ વાર મહિલા પીએસઆઇની ભર્તીની લેખિત, મૌખિક અને શારિરીક ફિટનેસની પરીક્ષા આપી હતી. આ ભર્તીમાં ૨૩૨ પુરૂષો સાથે માત્ર ૫ મહિલાઓ પાસ થઈ એમાં હું એક માત્ર જૈન છોકરી હતી.

**ઘરે શ્રાવિકા ધર્મ અને ઓફિસમાં પોલીસ ધર્મનું પાલન કરે છે**

તેઓ ચુસ્ત જૈન ધર્મ પાળતા હોવાથી દહેરાસરમાં સેવાપૂજાના નિત્યક્રમ ઉપરાંત સમયાંતરે વ્રત ઉપવાસ પણ કરતા રહે છે. બીજી બાજુ પોતાની ફરજના ભાગરૂપે આરોપીઓને દંડવાનુ પણ ચુકતા નથી. તેઓ કહે છે હું ઘરે જીવદયામાં માનતી જૈન શ્રાવિકા છુ પરંતુ ઓફસમાં આવું ત્યારે દોષિતોને દંડવા આક્રમક પોલીસ રહેવું પડે છે. કારણ કે હું મારી ફરજ જીવહિંસા માટે નહી જીવોના રક્ષણ માટે કરતી હોવાથી કોઈ પણ પરિસ્થિતિમાં ફરજ તો બજાવવી જ પડે.

જૈન ધર્મના પ્રાચિન ઈતિહાસ મુજબ કુમારપાળ રાજા યુદ્ધ માટે જતા ત્યારે ઘોડા પર પૂંજણી કરીને બેસતા જેથી કરીને નિદોર્ષ જીવો મરે નહી. સાથે સાથે તેઓ યુધ્ધમાં દોષિતોને દંડ પણ આપતા હતા. તારાપુર, ખંભાત અને સુરેન્દ્રનગરમાં નોકરી દરમિયાન જ્યારે સાત્વિક જૈન ફૂડ ના મળે તેવા સંજોગોમાં તેઓ ભુખ્યા રહેવાનું પસંદ કરતી પરંતુ બટાટા, લસણ અને ડૂંગણી જેવો ધર્મ વિરૂધ્ધનો કંદમૂળ આહાર લેતી ન હતી.

**જિનપિંગને ગાર્ડ ઓફ ઑનર આપનારા ભારતના પ્રથમ મહિલા પોલીસ અધિકારી**

ચીનના પ્રેસિડેન્ટ ૧૭ ઓક્ટોબર ૨૦૧૪માં ભારત મૂલાકાત દરમિયાન અમદાવાદ આવ્યા ત્યારે એરપોર્ટ પર આ વિદેશી મહેમાનને ગોર્ડ ઓફ ઓનર આપનારા ભારતના પ્રથમ મહિલા પોલીસ બન્યા હતા.

એસીપી પન્નાબહેન કહે છે સદીઓથી પુરુષોના ગણાતા સંરક્ષણ ક્ષેત્રમાં મહિલાઓ સરસ કામ કરી રહી છે. જો કે કોઈ માણસ ખાખી વર્દી પહેરીને પોલીસ બને ત્યારે મહિલા કે પુરુષ નહી પરંતુ માત્ર પોલીસ જ હોય છે. આથી મહિલાઓએ પોતાની જાતનો વિચાર કર્યા વગર માત્ર ટેલેન્ટ અને ધગશથી ડ્યૂટી કરવી જોઇએ. ઘણી વાર પરણીત મહિલાઓની અંગત જીવનના કારણે નોકરીમાં ડિસ્ટર્બ થતી હોય છે પરંતુ એડજેસ્ટ કરતા આવડવું જરૂરી છે.

- **ગુજરાત સમાચાર**માંથી સાભાર

**શ્રી સચ્ચાઈમાં ભાવિક મંડળ (રજી) • લોડાયા ફલીયા - નલીયા કચ્છ**

કચ્છ નલીયા લોડાયા ફલીયામાં બિરાજતા કુળદેવી શ્રી સચ્ચાઈ માતાજીની સમુહ પહેડી ચૈત્ર સુદ ૨ શનિવાર, તા. ૯/૪/૨૦૧૬ના રોજ નલીયા ખાતે આયોજલ છે. આ સ્થાન પર નમતા બધાજ ભાવિકોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

લી. **શ્રી સચ્ચાઈ માં ભાવિક મંડળ**

**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કંું. હળદર - જનરલ વ્યાપારી**

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## ગોપિકા ખીરેન્દ્ર ધરમશીની બાઈક સવારીમાં સતત આગેકૂચ





પાંચ વર્ષ પહેલાં ગોપિકા ખીરેન્દ્ર ધરમશી (હુબલી)ને માથામાં ઈજા થઈ હોવા છતાં સાજા થયા બાદ અસાધારણ સાહસ અને કૌશલ્ય દાળવી બાઈક સવારીમાં નિપુણતા મેળવી. બાઈક સવારી ક્ષેત્રે સતત આગેકૂચ જારી રાખી પરિવાર-કુળાળ અને કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ છે.

તાજેતરમાં ગોપિકા મદ્રાસ જાહેર પોર્ટસ કલબ અને ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટસ કાઉન્સીલ ઓફ ઈંડિયા દ્વારા શ્રી પ્રેમ્બુદુર- ચેન્નઈ ખાતેના મદ્રાસ મોટર રેસ ટ્રેક તરીકે પ્રખ્યાત ટ્રેક પર હીરા હોંડા ટેન૧૦ રેસીંગ અદાદમી દ્વારા યોજાયેલ પૂર્ણતઃ મહિલાઓ માટેની હોંડા ટેન ૧૦ મોટર સાયકલ ફેસ ચેમ્પીયનશીપમાં સહભાગી થઈ સારો દેખાવ કર્યો.

ગોપિકા નવેંબર ૨૦૧૫માં યેલ્લાપુરની સજીવન સેવા સંસ્થા દ્વારા પશ્ચિમ ઘાટના ગાઢ જેગલોમાંથી પસાર થવાની ૧૨૦ કિ.મી.ની મોટાર રેલીમાં ૨૧ સ્પર્ધકોમાંની એકમાત્ર મહિલા સ્પર્ધક હોવાનું માન મેળવ્યું હતું.

ગોપિકા આવનારા થોડા વખતમાં નોઈડામાં બુધ્ધા ઈનરનેશનલ રેસીંગ સરકીટ તથા કાઈમ્બતુરમાં કારી મોટર સ્પોર્ટસ ક્લબ દ્વારા યોજનારી પ્રતિષ્ઠિત રેસોમાં ભાગ લેવાની છે. તેને અભિનંદન સહ બેસ્ટ ઑફ લક !

---

### મહિલા અગ્રણી શ્રીમતિ કાંતાબેન ચંદ્રકાંત લોડાયાનો દેહાંત.



ધુલીયા / મહારાષ્ટ્રના મહિલા અગ્રણી શ્રીમતિ કાંતાબેન ચંદ્રકાંત લોડાયા તા. ૨૯.૯.૨૦૧૬ ના દેહાંત પામ્યા. શ્રીમતી કાંતાબેન જખૌના માતુશ્રી જયવંતીબેન માણેકજી વેલજી ખોના પરિવારની દીકરી તથા વારાપધ્ધરના સ્વ. સૌ. જયવંતીબને ગુલાબચંદ ભવાનજી લોડાયા પરિવારના પુત્રવધુ. એક પુત્ર અને પુત્રીનો પરિવાર. સેવાભાવી સ્વભાવ હોવાથી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. જેમ કે શ્રી ક.દ.ઓ જૈન બોર્ડીંગ ધુલિયાના સેક્રેટરી, શ્રીજી સ્કુલ, માતૃસેવા સંઘની મરાઠી શાળામાં ચેરમેન, રોટરી ક્લબ ઓફ ધુલેના સભ્ય, રીમાંડ હોમમાં સભ્ય, મહારાષ્ટ્ર એકમમાં કારોબારી સભ્ય, મહારાષ્ટ્ર એક મહિલા મંચના ખાનદેશ વિભાગના ઉપપ્રમુખ, પારોલા મહાજનમાં કારોબારી સભ્ય, શ્રી ક.દ.ઓ જૈન મહાજન ધુલિયાના માજી ઉપપ્રમુખ, મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ ધુલિયાના સ્થાપક પ્રમુખ તરીકે તેમણે નોંધપાત્ર સમાજ સેવા કરી.

સામાજિક સાથે ધાર્મિક ક્રિયાઓમાં પણ રસ ધરાવતાં શ્રીમતી કાંતાબેન ૭૬ વર્ષની ઉંમરે પણ ગજબની સ્ફૂર્તિ ધરાવતા. એમની અણધારી વિદાયથી સમસ્ત ધુલિયા શ્રી સંઘને તથા જ્ઞાતિને ન પૂરાય એવી ખોટ પડી છે.

**- સૌ. ચેતનાબેન ભાટે, સૌ. પ્રીતિબેન મોમાયા**

---

### ચર્ચાને ચોતરે : નવા /બદલાયેલા સરનામા -વિભાગના નામો તો પૂર્ણ હોવા જોઈએ

નવા /બદલાયેલા સરનામા વિભાગમાં ઉપર સૂચિત કરેલું જ હોય છે કે પુરું નામ જણાવવું પરંતુ આપણે લક્ષમાં લેતા નથી. અંક નં ૧૦માં દીપક લોડાયાનું નવું સરનામું છે. પુરુ નામ-ગામ નથી વસતીપત્રક પ્રમાણે ૩૩ દીપક લોડાયા છે કોનું સરનામું સમજવું ? હંસકુમાર ડી. લોડાયા પણ ૩ છે. સાંયરાના આમુક લાપલશીયા પરિવારની ઓળખ દેશાઈ છે તેની ખબર હોય તે જ સમજે કે મયુર, રમેશ દેશાઈ કેડીઓ સાંયરાના લાપસીયા છે. મિનાર એસ મોમાયા ૨૦૧૧માં અવસાન પામેલ છે. નવા સરનામા માટે નામ ભારતીબેન મિનાર મોમાયા (વરાડીયા) હોવું યથાયોગ્ય ગણાય.

વસતીપત્રક સમિતિ પણ કદાચ પ્રકાશ સમીક્ષામાં આપતા નવા સરનામા નોંધ લેતી હશે તેમને પણ ડેટા અપડેટ કરવામાં તકલીફ પડે. અન્ય ગામના મહાજનો/સંસ્થાને પણ પુરું નામ -ગામની વિગતને હોવાથી મુશ્કેલી નડે તો વિનંતી કે વિગત આપતી વખતે પુરું નામ-વતન મોબાઈલ નંબર વિગત અપાય તો હેતુ સરે.

**- દિપક ગંગાજર ડાઘા,** મુલુંડ - વરાડીયા


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

# વહીવંચા અને આપણી જ્ઞાતિ – ભાગ ૫

**રમેશ મુલજી લોડાયા** – ભરૂડિયા, મુલુંડ – 098203 36767

જગતમાં બીજા કોઈ દેશમાં ન હતી એવી કુળ કે વંશને જાળવી રાખવાની વ્યવસ્થા આપણા દેશમાં હતી અને આવી નોંધો રાખવાનું કામ કર્યુ, વહીવંચા બારોટ/ભટ સમાજે. આવી નોંધ માત્ર રાજવી પરિવારોની જ નહીં પરંતુ દરેક જ્ઞાતિ પોતાનો ઈતિહાસ જળવાઈ રહે તો માટે કરતી.

આવી નોંધોમાં ક્યાંક કલ્પનાનું તત્ત્વ તથા ચમત્કારો ઉમેરાયા છે તો પ્રસિધ્ધી મોહમાં તણાઈ વહીવંચાઓએ થોડી છુટછાટ કદાચ લીધી હશે પરંતુ મુળ તત્વોને જાળવી રાખ્યા છે. આવું દરેક વહીવંચાને માટે ન કહી શકાય એવા બારોટો પણ થયા છે જે યજમાનની પ્રસિધ્ધીના હઠમાં ખોટી પ્રસંશા ન કરતા પોતાના યજમાનોને પણ છોડ્યા છે. તેમની પાસે દર વરસે જઈ શીખ માંગવાનું પણ જતું કર્યું છે.

આજના આધુનિક યુગમાં આપણે વંશ, ગોત્ર, શાખથી અજાણ થઈ ગયા છે અને આજે પુજન વખતે બ્રાહ્મણ આપણને પુછે તમારું ગોત્ર કયું ? અને આપણને ખબર ન હોય તો બ્રાહ્મણ કશ્યપ ગોત્ર કહી ચલાવી લે છે !! કોઈ કવિઓ કહ્યું છે કે –

**''જીવત જ્ઞાતિ વહ જગત, જીણરો બહે ઈતિહાસ**
**ઉણરે પહલી વહ મુઆ, જૈ ગોરવંતા નાશ''**

જે જાતિ તથા સમાજની સંસ્કૃતિ તથા ગૌરવતા લુપ્ત થઈ ગયા છે તે જીવિત હોવા છતાં મૃતક સમાન છે. દરેકને પોતાના કુળ, જાતિનું ગૌરવ હોવું જોઈએ. જે પુરૂષો અતુટ પુરૂષ વંશાવલીમાંથી ઉતરી આવતો હોય, જેનો પૂર્વજ એક જ હોય તેવા લોકોનો સમૂહ એટલે ગોત્ર. ગોત્રજમાં મૂળ પુરૂષનો અંશ રહેલો હોય છે. આવી ગોત્રની સમજ, વંશાવલી અને પૂર્વજોનાં કાર્યોની જાણ વહીવંચાની નોંધ પરથી જાણી શકાય છે.

**નોંધ ૧ :** સવંત ૧૯૪૪ના માગશર વદ ૫ના દેશ કચ્છ ગામ આરીખાણા દેરાસરનો પાયો નાખ્યો છે તે સવંત ૧૯૪૫ના કારતક વદ ૫ના શુક્રવારે પ્રતિષ્ઠા કીધી. દેરાસર શીખરબંધ ચણાવ્યો છે. શા. શામજી જીવરાજાણી, જીવરાજ ખીંયરાજાણીવારાએ પ્રતિષ્ઠા કીધી તે દી ચોખરો કીધો. ગામ સુથરી તથા સાંધાણ તથા ખુઅડો તથા આરીખાણા ગામ ધુંઆબંધ જમાડ્યા છે. જમણ ૭ સુખડીનું કીધું. મીઠાઈ મણ ૪૦૦ બેઠી તથા આરીખાણામાં લાણી હાંડાની કીધી. ઘરદીઠ હાંડો એક તથા સાકર શેર બે દીધી તથા કોરી એક રોકડી લીધી. સરવે ખરચ કોરી ૫૦૦૦૦ પચાસ હજાર બેઠા તથા ભંડારામાં કોરી ૫૦૦૦૦ પચાસ હજાર થઈ તે સરળે કોરી દેરાસરમાં દીધી. દેરાસરની જગ્યા વેચાતી લીધી છે ગામશ્રી સુથરીના જાડેજા જશાજી પાસેથી કોરી ૧૦૦૦ એક હજારમાં લીધી છે તથા આરીખાણા ગામના ઠકરાયો પાસેથી જમીન લીધી છે. તેમાં દેરાસર બંધાવ્યો છે. વહીવંચા ભટ મેગજી વેરસલને કોરી ૭૫ તથા ગરમ કેસરી દુશાલો (બેશાળ ભેરી) જરીકોર તથા હાંડો તથા પેરામણી દીધી રાઓશ્રી ખેંગારજીની વારમાં.

**નોંધ ૨ :** સવંત ૧૯૫૩ના ફાગણ સુદ ૨ ના શા. શામજી જીવરાજ સુત ટોકરસી શામજીએ ગામ આરીખાણાથી સંઘ કાઢી ભદ્રેસર તીરથના શા જગડુશાના ચણાવેલા બાવન જિનાલયના દર્શન કરવા ગયા. ત્યાં પોતાના સર્વે નાતીલાઓને જમાડ્યા. જમણ મીઠાઈ તથા બરફી પુરીનું કીધું. ચાર ટંક જમાડ્યા અને ત્યાં જે જૈન હતા તેને બધાને જમાડ્યા અને સંઘમાં જે જૈન હતા તે બધાને આરીખાણા તેડી ગયા.

**નોંધ ૩ :** સવંત ૧૯૫૩ના ફાગણ સુદ ૫નો આરીખાણામાં


||જય શ્રી સચ્ચાઇ માતા ||

**વરાડીયા (કચ્છ) મધ્યે બિરાજમાન દંડ પરિવાર ના કુળદેવી**
**શ્રી સચ્ચાઇ માતાજી ની દસમી (૧૦) પહેડી પ્રસાદ**

સર્વ ભાવિકો જોગે સંવત **૨૦૭૨ વૈશાખ સુદ ૯, રવિવાર તા.૧૫/૫/૨૦૧૬** ના શુભ દિવસે સવારના સમય ૧૦ થી ૧ દરમ્યાન રાખેલ છે.

સર્વ ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પહેડી ના લાભાર્થી પરિવાર**
**માતુશ્રી મીઠીબાઇ ત્રિકમજી દંડ પરિવાર**
**માતુશ્રી સુમતિબાઇ સોમચંદ દંડ પરિવાર**

**શુભ સ્થળ**
શ્રી રામજી અંદરજીની વાડી, નપુ હોલની બાજુમાં
ચંદાવરકર રોડ, માટુંગા (C.R.), મુંબઇ – ૪૦૦ ૦૧૯

**સંપર્ક**

| | | | |
|---|---|---|---|
| પ્રફુલ દંડ | 9167667138 | અશોક દંડ | 9821144324 |
| ગૌતમ દંડ | 9619511502 | ખુશીન દંડ | 9892199776 |
| રોબીન દંડ | 9833321334 | કાર્તિક દંડ | 9821336833 |

*નોંધ: કાળા વસ્ત્રો પહેરીને ન આવવાની કાળજી લેશોજી*



**શ્રધ્ધાંજલિ**



નીત્ય અમારા મનમાં
નિરંતર અમારા હૃદયમાં
આપના દિવ્ય આત્મા
પ્રતિ કોટી કોટી વંદન...

**સ્વ. દામજી નરશી દંડ સાંધવ**
(હાલે ભાંડુપ) લી. **ગોવિંદજી લાલજી પટેલ**
તા. ૨૦/૦૩/૨૦૦૯ મુલુંડ

માજનવાડી બંધાવી શા.પાસવીર વેલજીની જગાથી ઉગમણી શ્રી દેરાસરથી ઉતરાહી છે. તેમાં કરયું (ઓરડા) બે તથા જમવાની ચાલ બંધાવી. તે જગા પહેલા તેમની જ હતી તેમાં માજનવાડી બંધાવી છે તેમાં ખરચ કોરી દશ હજારનું થયું. માજનવાડીનું ઉજમણું કીધું. ભદ્રેસર વસઈની જાત્રા તથા સ્વામીવછલના ખરચમાં કોરી ૪૦૦૦ ચાર હજાર બેઠી તથા ગામ આરીખાણામાં કરશીયા જરમન સીલવરની લાણી કીધી. ઘર દીઠ કરસીયો એક તથા સાકર શેર બે દીધી અને સગાવાલાઓને કરસીયા તથા સાકર દીધી. આ કરસીયાની લાણી કીધી ત્યારે પણ આરીખાણામાં જમણ કીધું સગાવાલાને જમાડયા. જમણ મીઠાઈનું કીધું પરીયાગતી ભટ (બારોટ) મેગજી વેરસલને ચોપડે નોંધ કરાવી કોરી ૩૦ તથા કરસીયો તથા સાકર શેર બે દીધી શા. શામજી જીવરાજે.

**નોંધ ૪ :** સવંત ૧૯૫૩ના ફાગણ સુદ ૫ના શા. શામજી જીવરાજ સુત ટોકરસી શામજીએ ગામ આરીખાણામાં ધર્મશાળા બંધાવી, ગામથી ઉગમણી લધા વેલજીની તલાવડી પાસે બંધાવી છે તેને ફરતી કોટડી (વંડો) બંધાવ્યો છે તેમાં કરયું (ઓરડા) બે ઓસરી સાથે તથા હેકલઢારીયા બે બંધાવ્યા છે તે માથે કોરી ૪૦૦૦ ચાર હજાર ખરચી છે તે જમીન ત્યાંના ઠકરાઈ (દરબારો)એ મફત દીધી છે તે ધરમ ખાતે છે.

**નોંધ ૫ :** સવંત ૧૯૫૩ના વદશાખ સુદ ૩ને શા. ટોકરસી શામજીએ ગામ આરીખાણામાં મેડીયું તથા બંગલો બંધાવ્યો છે. પાસવીર વેલજીની જગાએથી દખણાદી કોરે દેરાસરથી આથમણી કોરે ડેલી બંધ બંધાવ્યા છે તેનો ભરયો કીધો છે (વાસ્તુ) કીધો તે વખતે આરીખાણા તથા સગાસંબંધી તેડાવ્યા અને જમણ કીધું. જમણ સીરાનું કીધું તે મેડીયું ત્થા બંગલો તથા જમણ કોરી ૪૦૦૦૦ ચાલીસ હજાર બેઠી.

**નોંધ ૬ :** સવંત ૧૯૫૮ના શ્રાવણ બીજા વદ અમાસના જીવરાજ ખીંયરાજાણી રામ શરણ થયા વાસે દીકરે શામજી સુત ટોકરસી તથા પૌત્રા દામજી સુત નાગશી દામજી તથા વસનજી ભાણજીએ પિતા જીવરાજ મહાવદ ૧ને ગુરૂવારના ગામ બાવનની નાત પોતાની જમાડી. ટંક પાંચ જમણ લાડવા, ગગન તથા ગાંઠીયા ભજીયાનું કીધું. મીઠાઈ મણ ૨૨૦૦ બાવીસ સો બેઠી ઘરત મણ ૭૦૦ બેઠા તથા પોતાની નાતમાં પીતરની થારી ઘર દીઠ ૧ તથા લાડવા બે દીધા. સરવે થારી નગ ૨૫૦૦ વવરાણી ગામ આરીખાણા તથા કમંઢ તથા કડોલીયું ગામ ત્રણ ધુઆડા બંધ જમાડ્યા જમણ મીઠાઈનું ત્થા ભીક્ષુલોકને જમાડીયા. મોટાઓને ચાદર એક તથા નાના દીકરાઓને કોરી એક રોકડી દીધી. સરવે ચાધરૂ નગ ૨૫૦૦ દીધી ત્થા કોરી ૨૦૦૦ દીધી ત્થા ગામના ઠકરાઈઓને પાઘડી બંધાવી તથા ફેટા બંધાવ્યા ત્થા ચાદરૂ દીધી. સરવે કોરી ૧૫૦૦૦૦ એક લાખને પચાસ હજાર વાપરી રાઓશ્રી ખેંગારજીની વારમા. આ માલ મુંબઈથી મંગાવ્યો તેનો દાણ (જકાત) રાઓશ્રીએ માફ કીધો. આ વખતે પોતાના નાતીઓએ પાગ (પાઘડી) બંધાવી તે વખતે કચ્છ ભુજના રાઓશ્રી ખેંગારજીએ પાઘડી બંધાવી શોનેરી મધલ એક નીલો તથા બીજો રાતો ત્થા શોનેરી શેલા દીધા. વહીવંચા ભટ મેગજી વેરસલને આ નોંધ મંડાવીને સાચા માણેકની વીંટી કોરી ૪૦૦ની તથા કોરી ૧૦૦ રોકડી દીધી. આ વખતે શા. જીવરાજ ખીંયરાજાણીના ભારજા શેમતબાઈ હયાત હતા, ૮૪ વરસના હતા. આ નોંધ શંભુદાન બારોટ જે ગત વરસ વયે ગુજરી ગયા એમના દાદા મેઘજી વેરસલે વહીમાં નોંધી છે.

**નોંધ ૭ :** સવંત ૧૯૬૦ના માગસર સુદ ૧૪ના જીવરાજ ખીંયરાજાણીના ભારજા શેમતબાઈ રામશરણ થયા દેશ મુંબઈમાં તેનું ખરચ તથા કચ્છમા દીકરે શામજી તથા સુત ટોકરસી શામજી તથા પૌત્ર દામજી સુત નણશી દામજી તથા વસનજી ભાણજીઆણીએ મલીને ગામ આરીખાણા તથા સુથરી ત્થા ખુઅડો ત્થા સાંધાણ ગામ ચાર ધુંઆંબંધ લાડવા તથા સાટા તથા ગગન ત્થા જલેવી ત્થા હલવો તથા ભજીયાનું કીધું. ત્રણ ટંક આરીખાણાને જમાડ્યા. સવંત ૧૯૬૦ના પોષ વદ ૧ને રવિવારનું જમણ કીધું ત્થા ભીક્ષુલોકને કરસીયા ત્થા વાટકા પીતરના દીધા નગ ૪૨૫ ત્થા કાપડના કબજા દીધા આરીખાણાને ચોકે.

## અચલગચ્છ સંઘ દ્વારા અચલગચ્છાધિપતિના સુવર્ણ વર્ષી તપની મુંબઈમાં અનુમોદના

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૫૦માં સુવર્ણ વર્ષીતપની અનુમોદનાર્થે ૧૪માં વર્ષીતપના આરાધક પ.પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં ફાગણ વદ ૮ ગુરૂવાર, તા. ૩૧-૩-૨૦૧૬ના સવારે ૮.૩૦ વાગેથી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન વાડી, કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મુંબઈ-૯ મુંબઈ મધે વ્રતોચારમાં જોડાવા ઈચ્છુકે પોતાના નામ નારાયણ 09870345885 - 23729304 પર લખાવવા. (૧૨થી ૫)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મુંબઈ મહાજને જ્ઞાતિની પખાવાજ કલાને જાળવા માટે કાર્યક્રમ રાખ્યો અને તેમાં મુંબઈ ઉપરાંત બહારગામના પખાવાજ મંડળો પણ શામેલ થયા તેમજ એકજ અલગ પ્રકારનું વાતાવરણ ઊભું થયું. હવેથી દર વર્ષે આવા કાર્યક્રમ યોજાશે એવી જાહેરાત થઈ તે વધુ ખુશીની વાત છે.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વડોદરામાં શ્રી સચ્ચામાંશ્રી સમુહ પહેડી

વડોદરામાં શ્રી સચ્ચામાંનો ભાવિક પરિવારો ૨૩મી સમુહ પહેડી તા. ૧૪.૨.૨૦૧૬ ને રવિવારના ઉજવાઈ. સમુહ પહેડીનો લાભ માતુશ્રી જયાબેન નેમચંદ ખીમજી ગડા (લાયજા) વડોદરા એ લીધેલ.

માતાજીની શોભા યાત્રા બાદ અચલગચ્છ ભવનમાં પધરામણી - સ્થાપના તથા માતાજીની ભક્તિ ધુન જમાવવામાં આવી. દાતા પરિવારના હસ્તે પૂ. માતાજીને જુવાર - શ્રીફળ - પ્રસાદ ધરાવ્યા બાદ દાતાશ્રી નેમચંદભાઈનું બહુમાન કરવામાં આવેલ. બપોરના પૂ. માતાજીની આરતી બાદ રાસ ગરબાની રમઝટ જમાવવામાં આવી. પૂ. માતાજીની ધુન તથા રાસ ગરબામાં શ્રીમતી તૃપ્તી શાહ એ રમઝટ જમાવેલ.

કુલ ૪૨૫ની સંખ્યામા માં ના ભાવિકો - નિયાણી બહેનો તથા બહારગામથી પધારેલ મહેમાનોએ પહેડી - પ્રસાદ તથા સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

પહેડીનું સંચાલન કિશોર ધુલ્લા, ધનજી ગડા, ખુશાલ ગડા, હસમુખ ગડા તથા દિલીપ ગડાએ કર્યું. ૨૪ મી સમુહ પહેડીનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન પદમશી પનપારીયા (નાગ્રેચા) વડોદરા હસ્તે રૂષભ રતીલાલ પનપારીયાને તથા ૨૫મી સમુહ પહેડીનો લાભ અ.સૌ. ફેમીના પિયુષ જાદવજી રાંભીયા (નાગલપુર) હાલ - કેનેડાને આપવામાં આવ્યો.

### અનંતનાથજી કોમ્પલેક્ષ સામાયિક મંડળ રાજસ્થાન યાત્રા પ્રવાસ

અનંતતાથજી કોમ્પલેક્ષ કાંજુરમાર્ગ સામાયિક મંડળની બહેનો તા. ૨૯.૨.૧૬ થી ૬.૩.૧૬ રાજસ્થાનની યાત્રાએ ગયેલ હતા. તેમાં દંતાણી, વરમાડ, જિરાવલ્લા પાર્શ્વનાથ, ભેરુ તારક, સિરોહી, કરેલીબાગ, પાવાપુરી, મીરપુર, વિજયપતાકા, શંખેશ્વર સુખધામ, દાદાવાડી, પોસલીયા, પાલી, ગોમતી, જૈતપુર, રાણી, વરકાણા, નાડોઈ, નારલાઈ, હતુંડી, કીતીસ્તંભ, ફાલના, રાણકપુર, સાદડી, મુંડારા, સેસલી, હથુંડી, બેડા, બ્રાહ્મણવાડા, નાદીયા, આબુરોડ, આબુ દેલવાડાના દર્શન કરવા ગયેલ. આ આયોજન આનંતનાથજી સામાયિક મંડળે કરેલું હતું.

### ગાંધીધામ મહાજનશ્રીની નવી નિમાયેલ કારોબારી

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન, ગાંધીધામ (બૃહદ ગાંધીધામ વિસ્તાર)ની પાંચ વર્ષ માટે નવા નિમાયેલ નીચે મુજબની કારોબારીની રચના કરવામાં આવેલ છે. શ્રી હરીશ ખીમજી લાલકા - પ્રમુખશ્રી (મો. 099795 56400), શ્રી જેસલ ચંદ્રકાન્ત દંડ - ઉપપ્રમુખશ્રી (મો. 099247 41399), શ્રી કેતન મધુકાન્ત લોડાયા - માનદ્‌મંત્રીશ્રી (મો. 098795 22642), શ્રી જીગર ભદ્રિક મૈશેરી સહમંત્રીશ્રી (મો. 098254 29637), શ્રી નિલેશ લક્ષ્મીચંદ ધરમશી - ખજાનચીશ્રી (મો. 93744 74700).

કારોબારી સભ્યો : શ્રી પ્રદીપ આણંદજી ખોના, શ્રી ભાવિક શાંતિલાલ નાગડા, શ્રી નિલેશ ઠાકરશી ડાઘા, શ્રી પરેશ વિરચંદ પટેલ, શ્રી મિતેશ નિતિન મોતા, શ્રી શૈલેષ શાંતિલાલ મોતા, કોપ્ટ સભ્ય : શ્રી ધવલ બિપિન લોડાયા.

ગાંધીધામ શહરમાં હાલમાં જ્ઞાતિના આશરે ૨૨૦ પરિવારો વસવાટ કરે છે. પત્રવ્યવહાર માટે કાયમી સરનામું : K.D.O. Jain Mahajan Wadi, Plot No. 1/CC, Ward No. 9/A-H, Bharat Nagar, Near Hotel Empire, Post Gopalpuri, Gandhidham-370 240. Dist. Kutch (Gujarat).

### શ્રી શ્વેતામ્બર જૈન સંઘ - ખિરકીયા

ખિરકીયામાં શ્રી નમિનાથ દાદાની શીતલ છાયામાં ૧૪ મોં ધ્વજા મહોત્સવ મહા વદી તેરસના ધામધુમથી ઉજવાયો. તા. ૫-૩-૨૦૧૬ ના અઢાર અભિષેક રાખવામાં આવેલ. અભિષેક દરમ્યાન ચંદ્ર દર્શન કરાવવાનો લાભ ૫૫૧ મણમાં શ્રીમતી માસૂમી નિખીલ છેડા બેંગ્લોરએ લીધુ.

તા. ૬-૩-૨૦૧૬ ના સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજા દરમ્યાન ધ્વજા ચડાવવાનો લાભ શ્રી સુરેશભાઈ વિનાયકે પરિવારે લીધું. સૂર્યદર્શન કરાવવાનો લાભ માતુશ્રી

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**
**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે લીધો. શાંતિધારાનો ચડાવો શ્રી વેરશી વેલજી નાગડા પરિવારે તેમજ શાંતિકલસનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી નાગડા પરિવારે લીધળ.

રાત્રે ભક્તિ ભાવના રાખવામાં આવેલ. વિધીવિદાન માટે શ્રી રત્નેશભાઈ તથા તેમની સંગીત પાર્ટી આવેલ. સંગીતના સૂરો ઘંટાનાદ શાસ્ત્રોક્ત ઉચ્ચારો વચ્ચે શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. બપોરના શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

જિનાલયની સુંદર સજાવટ તથા દાદાની ભવ્ય અંગરચના નાગડા પરિવારના સભ્યોએ કરી. શ્રી નવયુવક મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમ ભરત નાગડા તથા તેમના કાર્યકરો બધા પ્રોગ્રામમાં ઉત્સાહથી ભાગ લે છે. તેમનું તથા દીપલબેનનું બહુમાન કરવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ ધુલિયા**

મહિલા મંચ-ધુલીયાની સભા ગુરૂવાર તા. ૧૧/૨/૨૦૧૬ના રોજ સભ્ય સૌ. લીનાબેન મયુર મોમાયાના નિવાસસ્થાને સૌ. લીનાબેન મયુર મોમાયાના નિવાસસ્થાને સૌ. ચેતનાબેન જયેશ ભાટેના પ્રમુખપણા હેઠળ મળેલ.

ધુલિયા મહિલા મંચના સ્થાપક પ્રમુખ શ્રીમતિ કાંતાબેન ચંદ્રકાંત શાહનું અવસાન થતાં મહિલા મંચ તરફથી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. મંચના દરેક સભ્યોએ શ્રીમતિ કાંતાબેન વિશે પોતાના મનોગત વ્યક્ત કરેલ. તેમના આત્માની શાંતિ અર્થે મંચ તરફથી શ્રી વાસુપૂજ્ય સ્વામીના જાપ કરવામાં આવેલ.

સૌ. લીનાબેન વ્યક્તિ વિશેષ રૂપે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિશે માહિતી આપેલ. બાદમાં વનમિનિટ ગેમ રમાડેલ જેમાં પ્રથમ સૌ નમ્રતાબેન સોની તથા દ્વિતીય સૌ. ભાવનાબેન લોડાયા વિજેતા થયેલ. સરપ્રાઇઝ ગેમમાં સૌ. લત્તાબેન દંડને ઈનામ મળેલ. વિજેતાઓને સૌ. લીનાબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

**શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંચ અમદાવાદ**

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ અમદાવાદ દ્વારા તા. ૨/૩/૨૦૧૬ના રોજ કચ્છી ભવનમાં ડેમો રાખવામાં આવેલ. હેજલબેન ધરમશીએ ઓરીગામીનો બહુજ સરસ ડેમો બતાવેલ. પેપર ક્યુલીંગ વિષે જાણકારી આપી. મહિલ મંચ તરફથી હેજલબેનનું બહુમાન કરેલ. હાઉસી રમાડવામાં આવેલ.

**ભાંડુપ સમાચાર**

ભાંડુપ અનંત સિધ્ધિના આદેશ્વરજી ચોરીવાળા જિનાલયે હર પૂનમના ભાતું અપાતાં સવારના ૧૨ સુધી ૨૫૦ જણ પધારે છે. છેલ્લી બે પુનમ ભરત પટેલ હસ્તે માતુશ્રી ગુણવંતીબેન રતનશી પટેલ, તેરા અને અ.સૌ. પિન્કી કમલેશ ધરમશી જસાપુરવાળાએ લાભ લીધો.

હર સુદ બીજના શ્રી યોગેશ પટેલ બાયેઠવાળાના પ્રયત્ને ક્ષેત્રપાળ દાદાની પહેડી કરાવવામાં આવ છે. જિનાલયે બીરાજીત દેવ-દેવીઓને આકર્ષક વસ્ત્ર-ચુંદડી પહેરાવવામાં આવે છે. બે બીજના માતુશ્રી તારાબેન હિરાચંદ નાગડા અને અ.સૌ. મીનાબેન મણીલાલ ખોના સાંધવવાળાએ લાભ લીધો. દાદાનું મંદિર અત્યંત સુંદર શાંત અને શ્રધ્ધાયુક્ત હોઈ જ્ઞાતિજનો ઉપરાંત અન્યો પણ અહીં પ્રસાદ પહેડી શ્રીફળ ધરાવે છે.

શ્રી ઉલ્લાસ મોતાનો જન્મ ડૉ. સુરેખાબેન ઉલ્લાસ મોતા તરફથી ગૃહઉદ્યોગ અને ઓફિસ સ્ટાફને કાશ્મીરી ગરમ શાલ ભેટ આપી ઉજવ્યો.

અ.સૌ. મધુબેન લહેરચંદ ડાઘા શ્રી નેમીના ગૃહ જિનાલયની આઠમી વર્ષગાંઠ સત્તરભેદી પૂજા સ્વામી ભક્તિએ સંપન્ન થઈ.

**ચકલી માટે કૃત્રિમ માળા તથા પરબનું વિતરણ**

પક્ષી સંરક્ષણ એવરનેસ અભિયાન 'હેઠળ છેલ્લા ૬ વર્ષ થી થતાં નિશુલ્ક વિતરણના ઉપક્રમે વર્લ્ડ સ્પેરો ડે - ૨૦ માર્ચ'ના નિમિત્તે મુકેશ માણેકજી લોડાયા, જૈન, જૈન ફાઉન્ડેશન, હોમ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૮-૨-૨૦૧૬ના સમ્યગ સરગ વેદી આલવા તથા તા. ૨૯-૨-૨૦૧૬ના એમ.એ.એસ.એસ.એલ.પી. સ્કૂલ, કોચીમાં માળાઓ તથા પાણીના પરબોનું વિતરણ કરવામાં આવ્યું.

તાજેતરમાં કોચીમાં થયેલ બોટ દુર્ઘટનામાં ચાર જણના જીવ બચાવનાર શ્રી જોસી થોમર્સનું ફાઉન્ડેશન દ્વારા સન્માન કરી એમના હસ્તે વિતરણ કરાવવામાં આવ્યું. હાજર રહેલ સર્વે વિશિષ્ટ વ્યક્તિઓએ વિદ્યાર્થીઓને ગ્લોબલ વોર્મિંગના સમયમાં પરબ તથા માળાઓનું મહત્ત્વ તથા ગરિમા સમજાવેલ. વિશિષ્ટ વ્યક્તિઓનું ઝાડ (આંબો, જાંબુ) આપીને સન્માન કરવામાં આવ્યું.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિપુલ લાલજી દામજી ધરમશી (બારશીવાલા)** | એ-૧૦૧, મારૂતી એપાર્ટમેન્ટ, જે. એન. ક્રૉસ રોડ, અપના બજારની પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૯૮૩૩૧ ૯૯૦૨૨ |
| **પુષ્પા નરેન્દ્ર ગોશર** મો.: ૯૮૨૧૦ ૨૩૭૧૧ મો.: ૯૯૩૩૬ ૨૩૭૫૨ | બોડારામ ભવન, પ્લૉટ નં. ૧૬, નૉર્થ ઈસ્ટ એન્ડ વેસ્ટ ફ્લેટ્સ, ગ્રાઉન્ડ ફ્લોર, યુગાન્ડા પેટ્રોપ પંપની સામે, આર.એ. કિડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧. ફોન: ૦૨૨-૨૪૧૦ ૨૧૫૬ / ૨૪૧૦ ૨૨૫૬ |
| **મનોજ કિશોર ધુલ્લા** | ઈ-૧૦૦૩, શીવાલીક હાઈટ્સ, ગુરૂકુલ સ્કૂલ રોડ, ચલા, વાપી-૩૯૬ ૧૯૧ |
| **મણીલાલ એચ. મૈશેરી** | C/o. શ્રી રત્નટુક જૈન દેરાસર, જખૌ-૩૭૦ ૬૪૦ (તા. અબડાસા) |
| **શશિકલા જીતેન્દ્ર ખોના** | એ-૧૦૧, સત્યમ ઈન્સીગ્નીયા, ચંદન પાર્ટી પ્લૉટ સામે, શરણમ ૬ પછી, જોધપુર ધામ, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૧-૧૬ | મુલુંડ | ઝીવા, નૈની પ્રશાંત લાપસીયા | રંગપુર | પુત્રી |
| ૧૨-૦૩-૧૬ | કાંજુર માર્ગ | રિવાન, મકિતા ભાવેશ મહેશ લોડાયા | દલતુંગી | પુત્ર |
| ૧૪-૦૩-૧૬ | મુલુંડ | તેજલ, વિનીત ઉત્તીન ખોના | નલિયા | પુત્ર |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૨-૧૬ | હુબલી | ભાવેશ મુલચંદ પ્રેમચંદ ખોના | મોટી ખાવડી | ૩૦ |
| | ડોમ્બીવલી | લેખા પંકજ પદમશી લોડાયા | સાંયરા | ૨૬ |
| ૦૬-૦૩-૧૬ | - | તુષાર બિપીન ધુલ્લા | તેરા | ૩૫ |
| | | દીપા ભરત લાપસીયા | કોઠારા | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૬ | ઔરંગાબાદ | કુલીનકાન્ત જેઠાભાઈ મોમાયા | વરાડીયા | ૫૮ |
| ૧૩-૦૩-૧૬ | ગાંધીધામ | છગનભાઈ સોમચંદ ધારશી નાગડા | ગાંધીધામ | ૬૨ |
| ૧૨-૦૩-૧૬ | બરોડા | અનીલ કિર્તીચંદ પોલડીયા | - | ૩૭ |
| ૦૭-૦૩-૧૬ | વિજયવાડા | રોહિતકુમાર વેલજી ટોકરશી શાહ | રાપરગઢવારી | - |
| ૧૪-૦૩-૧૬ | વડોદરા | મણીબેન શામજી નરશી નાગડા | નલીયા | ૮૭ |

## માનવતા હજુ મરી પરવારી નથી એવું અનુભવ

માનવતા હજુ મરી પરવારી નથી આ કહેવત ને સાર્થક કરતો અનુભવ હમણાં અમોને થઈ ગયો તેની વિગતનું ''હું અહીં વર્ણન કરું છું તા. ૧૦-૨-૨૦૧૬ના અમારી સુપુત્ર રોહિત મુકેશ શિયાડ (જખૌ-ડોંબીવલી)ની તબિયત Critical Conditionમાં હતી. ડોંબીવલીના ડોક્ટરોની સૂચનથી અમે પરિવારજનોના સાથ સહકારીથી રાતોરાત જ્યુપીટર હોસ્પિટલ 'થાણા'માં લઈ ગયા.

હોસ્પિટલમાં પહોચીને પેશન્ટને એડમીટ કરવું આસાન ન હતું. પણ ત્યાં આપણાજ સમાજની દિકરી મનિષાબેન ચેતન પોલડીયાનું નામ જાણ્યુ. રાતોરાતના તેઓને ફોનથી સંપર્ક કર્યો રાતના તેઓ ઘરેથી હૉસ્પિટલમાં દોડી આવ્યા અને ડોકટરો જોડે ચર્ચા-વિચારણા કરીને તરત જ પૈસા ભર્યા વગર તેમની ઓળખાણ અને મહેનતથી ચિ. રોહિતને હોસ્પિટલમાં દાખલ કરી દીધેલ. પછી પણ સતત અમારી સાથે રહી મોટા સર્જન




ડૉક્ટર સાથે વાટાઘાટ કરીને ઓપરેશનનું કામ હાથ ધરાયું અને ડૉ. જયેશ ધારેશ્વરના હાથે ખૂબજ સફળતાપૂર્વક ઓપરેશન સંપન્ન થયું. મનિષાબેન ખડે પગે હાજર રહી નિઃસ્વાર્થ ભાવે એક અમારા સ્વજનની જેમ પડખે ઊભા રહ્યા.

જેમની ઓળખાણ સાચી સમાજસેવાની ભાવના એને અણી સમયે મદદરૂપ થઈ અમોને સહાયરૂપ બન્યા હવે ચિ. રોહિતની તબિયત સુધારા પર છે, તેનું શ્રેય મનિષાબેન અને ડૉક્ટરને જાય છે. મનિષાબેનની પરોપકારની ભાવના જોઈને ઝુકી તો જવાય ને

– **કોકીલાબેન મુકેશ શિયાડ**, ડોંબીવલી



# લાડકવાયાને
# બીજી પુણ્યતિથીએ શ્રધ્ધાસુમન

## કુમાર ધવલ
## મયુર મોતીલાલ લોડાયા

(ગામ મોટીખાવડી - હાલ ઘાટકોપર)

જન્મ : તા. ૧૦-૪-૧૯૯૬ | દેહ પરિવર્તન : તા. ૨૦-૩-૨૦૧૪

વ્હાલા ધવલ,

રડી પડે છે આંખો અમારી જોઇ હસતી તસ્વીર તારી,
મન માનતું નથી અમારું કે ઉપસ્થિતિ નથી તારી,
તુ ભલે અમારી સમક્ષ નથી તો પણ હરપળ સાથે છે અમારી....

કોઇક આપણું આપણાંથી દૂર જાય છે ત્યારે.... ફક્ત આંખોમાં આંસુ જ નથી આવતા... આપણી પાસેથી ન કહેલા ન કહી શકેલા વચનો લઇ જાય છે અને એટલે જ... ધવલ તારી યાદોની સુગંધને અમારી આસપાસની હવામાં વહેતી કરવી છે, સાથે વિતાવેલી દરેક ક્ષણના ખજાનાને અમારા ધબકારાની ખૂબ નજીક રાખવો છે, તારી દરેક ઇચ્છા અને લાગણીઓને મનની અંદર રાખીને એનો પ્રકાશ ફેલાવવો છે.

તારું સ્મિત અને તારા ચહેરાની સુગંધ યાદ બનીને રહેશે સદાય અમારી પલકોમાં....

**પરમકૃપાળુ પરમાત્મા તારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના!**

લિ. તારી અમર સ્મૃતિમાં

માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર
માતુશ્રી સુમિત્રાબેન દિનેશભાઇ ત્રંબકલાલ ગાંધી પરિવાર
માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર

## લાડલા ધવલની સ્મૃતીને જીવંત રાખવા
## કચ્છ યુવક સંઘ આયોજીત
## એન્કરવાલા રકતદાન શિબિર

**સહયોગી દાતા : માતુશ્રી જયાબેન મોતીલાલ દેવજી લોડાયા પરિવાર**

રવિવાર તા. ૧૦/૪/૨૦૧૬ (ધવલનો જન્મ દિવસ) સવારે ૧૦ થી બપોરે ૩ કલાકે

સ્થળ: ૧) શ્રી જીરાવલ્લા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઇસ્ટ). | ૨) શ્રી અસલ્ફા અચલગચ્છ જૈન સંઘ ઉપાશ્રય હોલ, હિમાલયા સોસાયટી, અસલ્ફા વિલેજ, ઘાટકોપર (વેસ્ટ).

મુંબઇની કોઇપણ હોસ્પીટલમાં આપના સ્વજનો માટે જો રક્તની જરૂર હશે તો નજીકના સ્થળે થી ત્વરીત મળી શકે તેવી કોશીશ કરશું.

**આ અભિયાનમાં જોડાવા માટે આજેજ તારીખની નોંધ લેશો એવી વિનંતી.**

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001


## લોડાયા પરિવાર (સાંધવ–દાદાણા) તેમજ મૈશેરી પરિવાર (સાંયરા–નાનાણા)નું ગૌરવ

આપનું
સહજીવન
સફળ રહો
એવી હાર્દિક
અભિનંદનસહ
શુભકામના





**ડૉ. અજિત** PhD, **ચિ. પૂજા** M.S. એ
પોતાનું વૈવાહિક જીવન અમેરિકામાં
તા. ૧૬-૨-૨૦૧૬થી શુરૂ કરેલ છે.

**ડૉ. અજિત** PhD
**PhD. in Molecular and Cell Biology from UTD U.S.A.**
Pursuing Postdoctoral training from Diabetes Center,
University of California at San Francisco

**ચિ. પૂજા** M.S.
**(D/o. Mrs. Neelam Kishanlal Bhardwaj,** New Delhi)
**Master in Molecular and Cell Biology UTD U.S.A**
Pursuing Phd in Molecular Cell Biology from University of Taxas at Dallas

❖ શુભેચ્છકો ❖

**માતુશ્રી મણીબાઈ માણેકજી કેશવજી લોડાયા** ગામ સાંધવના પૌત્ર
**માતુશ્રી સુશીલાબાઈ બકીમચંદ્ર લખમશી મૈશેરી** ગામ સાંયરા ના દોહીત્ર
**શ્રીમતી અરૂણાબેન નવીનચંદ્ર માણેકજી લોડાયા** ના સુપુત્ર
ભાઈ-ભાભી : **શ્રીમતી જલ્પા દેવેન નવીનચંદ્ર લોડાયા**
બહેન-બનેવી : **શ્રીમતી તેજલ (ક્રીષ્ણા) કેતન નવીનચંદ્ર નાગડા, સાંધાણ**



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ધૃતકલોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી રામદેવપીર નમઃ ||
|| શ્રી અંબે માતાય નમઃ || || શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ ||



## 卐 શ્રી અંબેમાઁ ધરમશી પરિવાર 卐

સ્થાન : સુથરી તીર્થ, તા. અબડાસા, જી. કચ્છ – ૩૭૦ ૪૯૦.

મુંબઈ નગરે શ્રી ધરમશી પરિવારનાં કુળદેવી શ્રી અંબેમાઁની અઢારમી પહેડી પ્રસાદ નિમિત્તે

## ભાવભર્યું આમંત્રણ

શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના કુટુંબીજનો તથા સ્નેહીઓ,

સહર્ષ જણાવવાનું કે કુળદેવી શ્રી અંબેમાઁની અસીમ કૃપાથી અને આપ સૌનાં સાથ સહકારથી મુંબઈ નગરે શ્રી માતાજી ની ૧૮મી પહેડી પ્રસાદના આયોજન પ્રસંગે આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

**: શુભ દિવસ :** સંવત ૨૦૭૨ ચૈત્ર સુદ ચોથ રવિવાર, તા. ૧૦/૦૪/૨૦૧૬ના સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાકે

**: શુભ સ્થળ :** શ્રી માટુંગા કચ્છી મુર્તી પુજક જૈન શ્વેતાંબર સંઘની શ્રી નારાણજી શામજી મહાજન વાડી, ૪૫૨/૪૫૩, ભાઊદાજી રોડ, મહેશ્વરી ઉદ્યાન, માટુંગા, મુંબઈ – ૪૦૦ ૦૧૯.

**પહેડીના દાતા**
અ. સૌ. વિમલાબેન હિરાચંદ ધરમશી પરિવાર - જશાપર
માતુશ્રી મુરબાઈ ટોકરશી ધરમશી પરિવાર - જશાપર
માતુશ્રી ચંપાબેન લખમશી ધરમશી પરિવાર - જશાપર

માતાજીના ભક્તિગીતો, રાસગરબા તથા આરતી થાળની સૂરાવલીનો ત્રિવેણી સંગમ કરાવશે. કચ્છના સુપ્રસિદ્ધ કલાકાર ઈરફાન મીર અને સાથી કલાકારો

આ પ્રસંગે આપ સર્વે ભાવિકોને તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે. સર્વ બહેનોને લાલ-લીલો ઘરચોળું અથવા બાંધણી પરીધાન કરીને પધારવા નમ્ર વિનંતી.

નિમંત્રક : **શ્રી અંબેમાઁ ધરમશી પરિવારના જય અંબે...**

**નમ્ર વિનંતી :** પહેડી પ્રસંગ દરમ્યાન કાળા વસ્ત્રો તેમજ ચામડાની કોઈ પણ વસ્તુ ધારણ કરીને હોલમાં પ્રવેશ કરવો નહી.


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,